જૈન શિક્ષાવલી શ્રેણી ત્રીજી પુષ્પ બીજું

સમ્યક્ત્વ-સુધા



લેખક
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ



પ્રકાશક
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઈ – ૯

મૂલ્ય પચાસ નયા પૈસા

પ્રકાશક
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
સધાભાઈ ગુણપત બીલ્ડીંગ
ચીંચબંદર, મુંબઈ-૯.

પ્રથમ આવૃત્તિ
સં ૨૦૧૭ સને ૧૯૬૧

મુદ્રક
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટારોડ, અમદાવાદ

પ્રકાશકનું નિવેદન

સં. ૨૦૧૪ ના શ્રાવણ વદિ આઠમને રોજ જૈન સિદ્ધાંતની યોજના સક્રિય બની હતી તે વખતે તેની નવ શ્રેણિઓ પ્રગટ કરવાની ભાવના હતી જે આ શ્રેણીના પ્રકાશન સાથે પૂર્ણ થાય છે અને અમારા હૃદયમાં અકથ્ય આનંદની લહરિઓ પ્રગટતી જાય છે

આ પુસ્તકો માટે અમોને આજસુધીમાં ઘણુંમાંથી અનેક અભિપ્રાયો પ્રાપ્ત થયા છે અને તેમાં આ પુસ્તકોની ઉપયોગિતા તથા રસમય શૈલી વિષે સંતોષ કે આનંદ પ્રગટ કરવામાં આવ્યો છે એટલે અમારો આ પ્રયાસ સફલતાને પ્રાપ્ત થયો છે એમ માનીએ તો અયોગ્ય નથી

આ નવ શ્રેણીમાં કુલ ૧૭૦૦ ઉપરાંત પૃષ્ઠોનું વાચન અપાયું છે અને તેમાં અનેક ઉપયોગી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, એટલે જેને જૈન ધર્મના વાસ્તવિક મર્મથી પરિચિત થવું છે, તેને માટે તે અત્યંત ઉપયોગી છે એમ કહેવામાં અમે જરાય સંકોચ અનુભવતા નથી

દર વર્ષે એક એક શ્રેણીનું પ્રકાશન થઈ શક્યું, તેમાં પૂજ્ય આચાર્યો મુનિવરો, ધર્મરસિક તથા સાહિત્યપ્રિય ગૃહસ્થો, સબંધીઓ અને મિત્રો એ બધાનો સહકાર કારણભૂત છે, તેથી આ તકે એ બધાનો હાર્દિક આભાર માનીએ છીએ અને હવે પછીની અમારી સાહિત્યપ્રકાશનની યોજનાને એ જ રીતે સહકાર આપતા રહેવાની વિનંતિ કરીએ છીએ

વિશેષ આભારદર્શન આ શ્રેણીના છેલ્લા પુસ્તકમાં આપેલું છે, તે જોઈ જવા વિનંતિ છે

વિષયાનુક્રમ



॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

સમ્યકત્વ-સુધા



૧–નિબંધનું નામકરણ

સમ્યકત્વ-સુધા ! સમ્યકત્વ-સુધા !! આ શબ્દનો રણકાર કેટલાક વખત સુધી મનમાં ગાયા જ કર્યો અને આખરે તે ત્રીજી મેલીન બીજા નિબંધનું મથાળું પામ્યો. કાલાન્તરે એ વિષયનું લેખનકાર્ય આરંભાયું, ત્યારે મનમાં પ્રશ્ન ઉઠ્યો કે 'કયા સંસ્કારોએ અમને સમ્યક્ત્વએ સુધા છે, એમ માનવાને પ્રેર્યા ?'

સંસ્કારોને શોધવાનું કામ સહેલું તો ન જ ગણાય, પણ એક વિષયની તીવ્ર જિજ્ઞાસા ઉદ્ભવે, એટલે પ્રવૃત્તિ થવી સહજ છે. આ પ્રવૃત્તિના પરિણામે સંસ્કારોનું કેટલુંક શોધન થયું અને વસ્તુની કડીઓ એક પછી એક હાથ લાગવા માંડી. તેની રજૂઆત અહીં સ્પષ્ટ થઈ પડશે, એમ અમે માનીએ છીએ.

ઘણા વખત પહેલાં નીચેનો શ્લોક કર્ણપટ પર પડેલો —

न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥

'મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ જેવું કોઈ વિષ નથી, મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી અને મિથ્યાત્વ જેવો કોઈ અંધકાર નથી.'

આ શ્લોક સરળ હોવાથી તે જ વખતે કંઠસ્થ થઈ ગયેલો અને અવારનવાર તેનુ રટણુ ચાલ્યા કરતુ તેમાથી મિથ્યાત્વ એ મહાવિષ છે, એવો સસ્કાર દૃઢ થયેલો

પાઠકોને અહીં પ્રશ્ન થશે કે 'મિથ્યાત્વને શત્રુ, વિષ, રોગ અને અધકાર એ ચાર ઉપમાઓ આપેલી છે, તેમાથી તમારુ મન વિષની ઉપમા તરફ જ કેમ ઢળ્યુ ?' એનો ઉત્તર એ છે કે 'દરેક કાર્યની પાછળ કઈક કારણુ તો હોય છે જ, પછી તે કારણ આપણે શોધી શકીએ તો પણુ ભલે અને ન શોધી શકીએ તો પણુ ભલે આપણી રુચિ અંગેના કારણો ઘણી વખત આપણે શોધી શકતા નથી, પણુ તેનો અર્થ એ નથી કે એ રુચિ એકાએક કે અકસ્માત થઈ છે આ બાબતમા બહુ વિચાર કરતા અમને યાદ આવ્યુ કે અમે એક વાર એક વિદ્વાન્ મુનિરાજનુ વ્યાખ્યાન સાભળવા ગયા હતા, ત્યા મિથ્યાત્વનો વિષય ચાલતો હતો અને તેમા મિથ્યાત્વની આત્મા પર થતી ઝેરી અસરનુ વર્ણન ચમત્કારક ભાષામા થઈ રહ્યુ હતુ, ત્યારથી મિથ્યાત્વ એ મહાવિષ છે, એવો સસ્કાર રોપાયેલો અને આ શ્લોકમા એ જ વાત આવી, એટલે તે અતરને વિશેષે રુચિકર થઈ પડી સસ્કાર સસ્કારને ખેચે, એ અનુભવ તો ઘણાખરાને થયો જ હશે

પછી એમ જાણ્યુ કે મિથ્યાત્વરૂપી મહાવિષનો નાશ સમ્યક્ત્વ વડે થાય છે વળી તે સબધી નીચેના અક્ષરો પણ જોવામા આવ્યા

निसर्गाद्वाऽधिगमतो, जायते तत्र पञ्चधा ।
मिथ्यात्वपरिहाण्येव, पञ्चलक्षणलक्षितम् ॥

—ધર્મસંગ્રહ ભાગ ૧, વિ-૨, પ્ર-૧

‘ મિથ્યાત્વની પરિહાણિ એટલે મિથ્યાત્વનો નાશ થવાથી જીવને સ્વાભાવિક કે ગુરુના ઉપદેશથી પાચ લક્ષણવાળુ સમ્યકત્વ પાચ પ્રકારે ઉત્પન્ન થાય છે ’

આ વખતે અમે એવુ જાણી ચૂક્યા હતા કે—

दीपो हन्ति तमस्तोम, रसो रोगमहाभरम् ।
सुधाबिन्दुर्विषावेग, धर्म पापभरस्तथा ॥

‘ દીપક અંધકારના સમૂહનો નાશ કરે છે, રસાયણ રોગના સમૂહનો નાશ કરે છે, સુધાબિંદુ વિષના વેગનો નાશ કરે છે, અને ધર્મ પાપના સમૂહનો નાશ કરે છે ’

એટલે જે વસ્તુ વિષનો નાશ કરે, તે સુધા કહેવાય એમ અમે સમજ્યા હતા અને તેથી સમ્યક્ત્વને સુધા કહેવાનુ દિલ થઈ આવ્યુ પરંતુ એજ વખતે એવો વિચાર આવ્યો કે ‘ સુધા તો એક જાતની પેય વસ્તુ છે, તો તેની ઉપમા સમ્યક્ત્વને કેમ અપાય ? ’ પરંતુ થોડા વખત બાદ નીચેનો શ્લોક વાચતા તેનુ સમાધાન થયુ —

न भिन्नं नाभिन्नं द्वयमयमपि नो नाप्युभय,
न वा शाब्दन्यायाद्भवति भजनाभाजामपि ।
गुणाग्रैन लीनं निरवधिविधिन्यस्तनपदे,

'જેમ કોઈ (મદિરા વગેરે) સ્વાદિષ્ટ પીણાની વસ્તુનો સ્વાદ તે પીણાથી ભિન્ન નથી, અભિન્ન નથી, ભિન્નાભિન્ન નથી અને ભિન્નાભિન્ન નથી એમ પણ નથી, તેમ તે અનુભવમા આવે છે, તેથી અસત્ કલ્પનામાત્ર પણ નથી જેમ તે સ્વાદ તે પીણામા મેળવેલી ઉત્તમ વસ્તુઓના ગુણમા રહેલો છે અને તે પીણાને તૈયાર કરવાનો સપૂર્ણ વિધિ-પ્રયત્ન કરાવનારો છે, તેમ આ સમ્યકત્વ પણ આત્માથી ભિન્ન નથી, અભિન્ન નથી, ભિન્નાભિન્ન નથી અને ભિન્નાભિન્ન નથી, એમ પણ નથી એ સત્ છે અને જ્ઞાનાદિ ગુણોમા ગુણરૂપે રહેલુ તથા સપૂર્ણ વિધિ (ક્રિયા-અનુષ્ઠાનો) કરાવવામા ગુપ્ત કારણરૂપ છે ખરેખર ! આ સમ્યકત્વ કોઈ ઉત્તમ સ્વાદવાળા પીણાનુ અનુકરણ કરે છે'

પરતુ આ વખતે એ પ્રશ્ન મનમા ઘોળાવા લાગ્યો કે 'જો સમ્યકત્વ એ ખરેખર સુધા સમાન હોય તો કોઈ જૈન મહર્ષિએ તેને સુધાની ઉપમા અવશ્ય આપેલી હોવી જોઈએ એ બાબતનુ કોઈ પ્રમાણ મળી જાય તો કેવુ સારુ ? એવામા નિમ્ન શ્લોક દૃષ્ટિગોચર થયો

अतुलगुणनिधान, सर्वकल्याणबीज ।
जननजलधिपोत, भव्यसत्त्वैकचिह्नम् ।
दुरिततरुकुठार, पुण्यतीर्थं प्रधानम्,
पिबत जितविपक्ष दर्शनाख्य सुधाम्बु ॥

'હે લોકો ! તમે સમ્યગ્દર્શન રૂપી સુધાજલનુ

પાન કરો, કારણ કે તે અતુલ ગુણોનુ નિધાન છે, સર્વ કલ્યાણનુ બીજ છે, જન્મમરણાદિમય સંસારસાગરને તરી જવા માટેનુ વહાણ છે, ભવ્ય જીવોનુ એક લક્ષણ છે, પાપરૂપી વૃક્ષને છેદવા માટેનો કુહાડો છે, પવિત્ર એવુ તીર્થ છે, સર્વ રીતે શ્રેષ્ઠ છે અને મિથ્યાત્વને જિતનારુ છે '

આ શ્લોકે અમારા મનનુ પૂર્ણ સમાધાન કર્યું, એટલે તે અમને અતિ પ્રિય થઈ પડે એ સ્વાભાવિક છે તેનુ મનમા વારવાર રટણ થવા લાગ્યુ એમ કરતા સમ્યક્ત્વને સુધા માનવાનો સંસ્કાર દૃઢ થયો અને તે મનમા વારવાર રણકવા લાગ્યો

૨—વિષયની ગહનતા

સમ્યક્ત્વરૂપી સુધાનુ વર્ણન શી રીતે કરવું ? એ પણ અમારા માટે એક પ્રશ્ન છે શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ઉપદેશપદમા કહે છે કે—

पायमणक्खेअमिण, अणुहवगम्म तु सुद्धभावाण ।
भवक्खयकरति गरुअ, बुहेहिं सयमेव विण्णेय ॥

' પ્રાય (આ ધર્મબીજ–સમ્યક્ત્વ) શબ્દોથી કહી શકાય તેવુ નથી, શુદ્ધ મનવાળા જીવોને પોતાના અનુભવ થી જ સમજાય તેવુ છે અને સંસારનો અંત કરનાર હોવાથી (ચિંતામણિરત્ન વગેરે કરતા પણ) મહાન (ઉત્તમ) છે, માટે

પંડિત પુરુષોએ પોતાના શુદ્ધ આત્મસ્વભાવથી સ્વય તેને સમજવુ.'

બધી જ વસ્તુઓ શબ્દથી કહી શકાય એવી હોતી નથી આત્માના સ્વરૂપ વિષે શ્રી આચારાગસૂત્રમા આવા જ શબ્દો વપરાયેલા છે सव्वे सरा नियट्टति, तक्का जत्थ न विज्जइ, मइ तत्थ न गाहिया-વગેરે તેનો અર્થ એ છે કે આત્મસ્વરૂપને ઓળખવામા સઘળા સ્વરો-નિષ્ફળ બને છે, તર્કો ત્યા ટકી શકતા નથી, બુદ્ધિ જેને ગ્રહણ કરી શકતી નથી, વગેરે

કોઈ પદાર્થની મધુરતાનુ વર્ણન કરવુ હોય તો આપણે ઉપમાથી કામ ચલાવીએ છીએ, પણ તે મધુરતા ખરેખર કેવી છે, તે શબ્દો વડે કહી શકતા નથી તેથી જ કહેવાયુ છે કે—

इक्षुक्षीरगुडादीना माधुर्यस्यान्तर महत् ।
तथापि न तदाख्यातु, सरस्वत्यापि पार्यते ॥

'શેરડી, દૂધ અને ગોળની મધુરતા વચ્ચે મહાન અતર છે, પરતુ તેનુ શબ્દો વડે વર્ણન કરવા માટે સરસ્વતી પણ સમર્થ નથી'

'જો વાસ્તવિક પરિસ્થિતિ આવી જ છે તો પછી આત્મા, સમ્યક્ત્વ વગેરે સબધી આટલું બધુ બોલાય છે અને લખાય છે, એ શી રીતે?' એવો પ્રશ્ન કોઈ પ્રેક્ષાકારી પાઠકને થશે તેનો ખુલાસો એ છે કે 'આ વિષયો અતિ

ગહન છે, એટલે તેનો પૂરો ખ્યાલ વાણીથી–શબ્દોથી આપી શકાય એવો નથી, તેમ છતા તેના કિચિત્ સ્વરૂપનો ખ્યાલ આવી શકે તે માટે જ આ બધા પ્રયત્નો થાય છે તેનો સાચો વાસ્તવિક ખ્યાલ તો જ્યારે તેનો અનુભવ થાય ત્યારે જ આવી શકે'

આ રીતે આ નિબધ સમ્યકત્વનો કઈક પરિચય આપવાનો જ એક પ્રયત્ન છે અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે શિક્ષાવલીની પ્રથમ શ્રેણીમા **પરમપદના સાધનો**નુ વર્ણન કરતી વખતે સમ્યકત્વનો કેટલીક પરિચય અપાયો છે તથા અન્ય નિબધોમા પણ તે વિષે પ્રસગોપાત ઠેક ઠેક કહેવાયુ છે અને ત્રીજી શ્રેણીના પ્રથમ નિબધ **ભાવના ભવનાશિની**મા તેની દુર્લભતાનુ દર્શન કરાવવાનો પ્રયાસ કરેલો છે, તે બધા કરતા આ પ્રયાસ વિશેષ કોટિનો છે, એટલે પાઠકોએ એ દૃષ્ટિએ જ તેનુ અવલોકન કરવુ જોઈએ

૩—મોક્ષમાર્ગના ઉપાયોમા સમ્યકત્વનુ સ્થાન

'नाण-किरियाहिं मोक्खो–ज्ञानक्रियाभ्या मोक्ष–જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ થાય છે આ શબ્દો જૈન શ્રુતમા પ્રસિદ્ધ છે, વળી આવશ્યકનિર્યુક્તિમા નીચેની ગાથા દૃષ્ટિગોચર થાય છે

णाण पयासग सोहगो, तवो सजमो य गुत्तिकरो ।
तिण्हपि समाओगे मोक्खो, जिणसासणे भणिओ ॥

'જ્ઞાન પ્રકાશક છે, તપ શોધક છે અને સયમ ગુપ્તિકર છે આ ત્રણેના સમાયોગથી જિનશાસનમા મોક્ષ કહેલો છે'

આ પરથી પ્રશ્ન ઉઠે છે કે 'મોક્ષમાર્ગના ઉપાયોમાં સમ્યક્ત્વને વિશિષ્ટ સ્થાન છે કે નહિ?' પરંતુ જૈન સૂત્રમાં આગમના અન્ય ઉલ્લેખો પરથી જાણી શકાય છે કે મોક્ષમાર્ગના ઉપાયોમાં સમ્યક્ત્વને અવશ્ય સ્થાન છે. ઉત્તરાધ્યયન સૂત્રના અઠ્ઠાવીસમા અધ્યયનમાં નીચેની ગાથા દ્રષ્ટિગોચર થાય છે –

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा।
एय मग्गुत्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहिं॥

'જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ મોક્ષનો માર્ગ છે, એમ કેવળદર્શી એવા જિનેશ્વરોએ કહ્યું છે.'

જૈન સૂત્રમાં દર્શન શબ્દ સમ્યક્ત્વના અર્થમાં પ્રસિદ્ધ છે, એટલે અહીં સમ્યક્ત્વનો ઉલ્લેખ મોક્ષમાર્ગના વિશિષ્ટ ઉપાય તરીકે થયો છે. વળી ઉત્તરાધ્યયનસૂત્રના એ જ અધ્યયનમાં નીચેની ગાથા પણ જોવામાં આવે છે –

नादंसणिस्स नाणं, नाणेण विणा न हुंति चरणगुणा।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं॥

'જેને દર્શન નથી, તેને જ્ઞાન નથી, જેને જ્ઞાન નથી, તેને ચારિત્રના ગુણો નથી અને ચારિત્રના ગુણો નથી, તેને મોક્ષ નથી, અર્થાત્ તેનો કર્મના બંધનથી છૂટકારો નથી અને જેનો કર્મથી છૂટકારો નથી, તેનું નિર્વાણ નથી.'

આ પરથી સ્પષ્ટ સમજાય છે કે સમ્યક્ત્વ એ મોક્ષમાર્ગનો ઉપાય તો છે જ, એટલું જ નહિ પણ ત્રિરત્નની મૂળ ભૂમિકા છે અને તેથી બધા ઉપાયોના પાયારૂપ મહત્ત્વ ધરાવે

છે અર્હત્પ્રવચનનો સગ્રહ કરનાર શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્વાર્થાધિગમસૂત્રમા 'सम्यग्-दर्शन-ज्ञान-चारित्राणि मोक्ष मार्ग-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે' એ સૂત્ર રજૂ કરીને આ વસ્તુ સ્પષ્ટ કરી છે

'જો સમ્યક્ત્વને મોક્ષમાર્ગના ઉપાયોમા વિશિષ્ટ સ્થાન છે, તો તેનો ઉપર્યુક્ત વચનોમા નિર્દેશ કેમ નથી?' એ પ્રશ્નનુ સમાધાન સૂરિપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ આવશ્યક ટીકામા આ પ્રમાણે કર્યુ છે सम्यग्दर्शनस्य ज्ञानविशेष त्वाद् रुचिरूपत्वात् ज्ञानान्तर्भावाद् अदोष । 'સમ્યગ્દર્શન જ્ઞાનવિશેષ અને રુચિરૂપ હોવાથી તેનો અતર્ભાવ જ્ઞાનમા જ થાય છે અને તેથી અહી કઈ દોષ નથી શાસ્ત્રવચનો સાથે વિરુદ્ધતા નથી '

આથી આપણે એમ જ સમજવુ જોઈએ કે મોક્ષમાર્ગના ઉપાયોમા સમ્યક્ત્વનુ સ્થાન નિશ્ચિત છે અને તે પ્રથમ પક્તિનુ છે, તેથી તેની વિચારણા અને ધારણા બને અતિ આવશ્યક છે

૪—સમ્યક્ત્વની મહત્તા

જૈન શ્રુતમા સમ્યક્ત્વની પ્રશસા શતમુખે કરવામા આવી છે, કારણકે તેની વિદ્યમાનતા હોય તો જ આધ્યાત્મિક પ્રગતિ થઈ શકે છે અને જ્ઞાન-ક્રિયાના માર્ગે આગળ વધી મોક્ષપર્યંત પહોચી શકાય છે તે અગે કહેવાયેલા કેટલાક વચનો પર અહી વિચાર કરીશુ જૈન શ્રુતમા એક સ્થળે કહ્યુ છે કે—

भट्ठेण चरित्ताओ, सुट्ठुयरं दंसणं गहेयव्वं ।
सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ॥

'ચારિત્રથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવતાં સમ્યક્ત્વનું સારી રીતે રક્ષણ કરવું, કારણ કે ચારિત્રરહિત છતાં ભવ્ય જીવો સિદ્ધિ પામે છે પણ દર્શનરહિત છતાં સિદ્ધિ પામતા નથી.'

આ શબ્દોનું તાત્પર્ય એ છે કે કદાચ પ્રમાદથી ચારિત્ર ન લીધું હોય છતાં સમ્યક્ત્વ જો હોય તો કાળે કરીને અવશ્ય ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને તેથી સિદ્ધિ પમાય છે, પણ સમ્યક્ત્વ જવાથી ચારિત્રની પ્રાપ્તિ થતી જ નથી અને તેથી સિદ્ધિ પમાતી નથી માટે સર્વ પ્રયત્નથી સમ્યક્ત્વનું રક્ષણ કરવું.

નીચેના શબ્દો પણ આજ વસ્તુની પુષ્ટિ કરે છે —

श्लाघ्यं हि चरणज्ञानवियुक्तमपि दर्शनम् ।
न पुनर्ज्ञानचारित्रे मिथ्यात्वविषदूषिते ॥
ज्ञानचारित्रहीनोऽपि श्रूयते श्रेणिकः किल ।
सम्यग्दर्शनमाहात्म्यात्तीर्थकृत्त्वं प्रपत्स्यते ॥

'જ્ઞાન અને ચારિત્રરહિત કેવળ સમ્યક્ત્વ પ્રશંસનીય છે, પણ મિથ્યાત્વરૂપી વિષથી દૂષિત થયેલા જ્ઞાન અને ચારિત્ર પ્રશંસનીય નથી. એવું સંભળાય છે કે શ્રેણિક રાજા જ્ઞાન અને ચારિત્રથી રહિત હતા, છતાં સમ્યગ્દર્શનના પ્રભાવે આગામી કાળે તીર્થંકરપણાને પામશે.'

આત્મા જ્ઞાન અને ચારિત્રથી યુક્ત હોય, પણ સમ્ય

કત્વથી રહિત હોય તો તેની હાલત કેવી થાય છે, તે તે અંગારમર્દકસૂરિના પ્રબંધથી જાણી શકાશે

અંગારમર્દકસૂરિનો પ્રબંધ

શાંત, દાન્ત અને નિરારંભી એવા શ્રી વિજયસેન સૂરિ નામે એક આચાર્ય ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં બિરાજતા હતા એ વખતે તેમના એક શિષ્યને રાત્રે સ્વપ્ન આવ્યું તેમાં તેણે પાંચસો સુંદર હાથીને ચાલ્યા આવતા જોયા, પણ તેની આગળ એક ભુંડ ચાલતો હતો આ સ્વપ્નમાં જરૂર કંઈક રહસ્ય હોવું જોઈએ, એમ માની તેણે પ્રાત કાળમાં આ સ્વપ્ન ગુરુને જણાવ્યું અને તેનો અર્થ પૂછ્યો

ગુરુ જ્ઞાની હતા અને સ્વપ્નાદિ નિમિત્તોના જાણકાર હતા તેમણે કહ્યું કે 'આ સ્વપ્નથી એમ સૂચિત થાય છે કે આજે અહીં પાંચસો સુવિહિત સાધુઓથી પરિવરેલા એક અભવ્ય આચાર્ય આવશે આ હકીકત બધા શિષ્યોએ જાણી

હવે બન્યું એવું કે તે જ દિવસે પાંચસો સાધુઓ સાથે રુદ્ર નામના એક આચાર્ય ત્યાં આવ્યા અને તેમની બાજુમાં જ ઉતર્યા, પણ એ તો શ્રુતના પારગામી હતા અને ભવ્ય દેશના વડે લોકોનું અજબ આકર્ષણ કરી શકતા હતા તેથી શિષ્યો શંકિત થયા અને ગુરુદેવને પૂછવા લાગ્યા કે 'હે ગુરુદેવ! આ શિષ્યો સુવિહિત છે અને આચાર્ય અભવ્ય છે, એમ શાથી જાણવું? આ બાબતમાં અમારા મનનું સમાધાન થાય એવું કંઈક કરો'

ગુરુએ શિષ્યોની એ શંકા દૂર કરવા કહ્યું કે 'આજે રાત્રે હું તમને એ વસ્તુની પ્રતીતિ કરાવીશ' પછી રુદ્રાચાર્ય અને તેમના શિષ્યોને જવાને લઘુનીતિ (પેશાબ) કરવાનું જે સ્થાન હતું, તેના માર્ગમાં નાના નાના કોલસા (અંગારા) પથરાવી દીધા.

મધ્યરાત્રિ વ્યતીત થયા પછી રુદ્રાચાર્યના કેટલાક શિષ્યો લઘુનીતિ કરવા ઊઠ્યા, ત્યારે પગ નીચે કોલસા દબાવાથી ચૂં ચૂં અવાજ થયો અને તેઓ સમજ્યા કે નક્કી અમારા પગ નીચે કોઈ જીવડાં ચંપાયાં. આથી તેઓ અત્યંત ખેદ પામ્યા અને તેનું પ્રાયશ્ચિત્ત કરવા તત્પર થયા. આ જોઈને શ્રી વિજયજિનેન્દ્રસૂરિના શિષ્યોને ખાતરી થઈ કે આ સાધુઓ ગુરુદેવના કહ્યા મુજબ સુવિહિત છે.

થોડી વાર પછી રુદ્રાચાર્ય પોતે લઘુનીતિ કરવા ઊઠ્યા તે વખતે તેમના પગ નીચે કોલસા દબાવાથી (અંગારનું મર્દન થવાથી) ચૂં ચૂં અવાજ થયો. આથી તેમને લાગ્યું કે નક્કી કોઈ જીવડાં મારા પગ નીચે ચંપાયા છે. પરંતુ એ દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ કરવાને બદલે તેઓ વધારે જોરથી પગ મૂકીને કહેવા લાગ્યા કે 'નક્કી આ કોઈ અરિહંતના જીવો પોકાર કરતા લાગે છે!'

તેમના કહેવાનું તાત્પર્ય એ હતું કે 'આ જીવો મારા પગ નીચે જ ચંપાવાની રાહ જોઈને બેઠા છે કે જેથી તેમની સદ્ગતિ થાય અને આગામી ભવે અરિહંતનું પદ પામે.'

આ શબ્દો સૂરિજીના શિષ્યોએ કાનોકાન સાંભળ્યા, એટલે તેઓ વિચારવા લાગ્યા કે જેમને અરિહંત દેવે પ્રરૂપેલી અહિંસા પર પ્રેમ નથી, તેની મંગલમયતામાં વિશ્વાસ નથી, તેને સમ્યક્ત્વ કેમ હોઈ શકે ? અનુકંપા તો સમ્યક્ત્વનું એક ખાસ લક્ષણ છે અને જ્યાં સમ્યક્ત્વ ન હોય ત્યાં ભવ્યત્વ કેવું ? એટલે આ આચાર્ય નક્કી અભવ્ય છે '

સવારે શ્રી વિજયસેનસૂરિએ રુદ્રાચાર્યના શિષ્યોને કહ્યું કે 'હે શ્રમણો ! તમારે આ ગુરુ સેવવા લાયક નથી, કારણ કે તે કુગુરુ છે શાસ્ત્રમાં કહ્યું છે કે સર્પ ડસ્યો હોય તો એક વાર મરવું પડે છે, પણ કુગુરુને સેવ્યા હોય તો અનંત જન્મ-મરણ કરવા પડે છે, માટે આ તમને હિતશિક્ષા છે '

ભવ્ય જીવોને મહાપુરુષની શિક્ષા તરત અસર કરે છે, એટલે એ શિષ્યો પોતાના ગુરુને છોડી ગયા અને શુદ્ધ ચારિત્રના યોગે મોક્ષ પામ્યા, જ્યારે અંગારમર્દક રુદ્રાચાર્ય સમ્યક્ત્વના અભાવે ભવભ્રમણ કરતા જ રહ્યા અને જન્મ-જરા-મૃત્યુના દુઃખો પામતા જ રહ્યા

૫—સમ્યક્ત્વના અર્થ સંબંધી કેટલીક વિચારણા

મનુષ્યને ત્વ પ્રત્યય લાગી મનુષ્યત્વ બને છે, પ્રભુને ત્વ પ્રત્યય લાગી પ્રભુત્વ બને છે અને મધુરને ત્વ પ્રત્યય લાગી મધુરત્વ બને છે, તેમ સમ્યક્‌ને ત્વ પ્રત્યય લાગી સમ્યક્ત્વ બને છે આ ત્વ પ્રત્યય ભાવમાં આવે છે, એટલે સમ્યક્ત્વનો અર્થ સમ્યક્‌પણું થાય છે

સમ્યક્‌પણુ સમજવા માટે સમ્યક્‌નો અર્થ બરાબર સમજવો જોઈએ ભાષાશાસ્ત્રના ધોરણે સમ્યક્ શબ્દ પ્રશસ્તાર્થે વપરાય છે, એટલે તેનો અર્થ સારુ, શુભ, સુદર કે પ્રશસ્ત થાય છે અને તેવી સારાપણુ, શુભપણુ, સુદરતા કે પ્રશસ્તતા એ જ સમ્યક્ત્વ છે 'આ સારાપણુ આદિ શેનુ સમજવુ?' એની સ્પષ્ટતા એ છે કે 'આ સારાપણુ આત્માના ઉપયોગનુ કે આત્માના પરિણામનુ સમજવુ' જ્યા સુધી આત્માના પરિણામ મિથ્યાત્વથી યુક્ત હોય ત્યા સુધી તે સારા, શુભ, સુદર કે પ્રશસ્ત કહેવાવાને યોગ્ય નથી, પરતુ દર્શનમોહનીય કર્મનો ઉપશમ-ક્ષયોપશમ-ક્ષય થતા જ્યારે તે સવેગ, નિર્વેદ આદિ લક્ષણોવાળો બને છે, ત્યારે સારા, શુભ, સુદર કે પ્રશસ્ત કહેવાવાને યોગ્ય થાય છે અને તેને જ શાસ્ત્રકાર ભગવતોએ સમ્યક્ત્વની સજ્ઞા આપેલી છે

૬—સમ્યક્ત્વને સૂચવનારા શબ્દો

જૈન દૃષ્ટિએ પ્રાકૃત કે અર્ધમાગધી ભાષા બાલગમ્ય છે અને સસ્કાર પામીને બનેલી સસ્કૃત ભાષા વિદ્વદ્‌ગમ્ય છે, એટલે આપણે સમ્યક્ત્વ શબ્દનો વિચાર અર્ધમાગધી ભાષાથી જ કરીશુ

અર્ધમાગધી ભાષામા સમ્યક્ત્વને દર્શાવનારો શબ્દ सम्मत्त છે અને सम्म શબ્દથી પણ તેનો ભાવ વ્યક્ત કરવામા આવે છે દાખલા તરીકે કલ્પભાષ્યમા એમ કહ્યુ છે કે 'चउद्दस दस य अभिन्ने, नियमा सम्म तु सेसए भयणा—જ્યારે

ચૌદ કે દશ પૂર્વનું સંપૂર્ણ જ્ઞાન હોય ત્યારે સમ્યક્ત્વ જરૂર હોય એથી ઓછુ જ્ઞાન હોય ત્યારે સમ્યક્ત્વની ભજના હોય, એટલે હોય પણ ખરૂ અને ન પણ હોય ' एगविहं दुविह तिविह चउहा पचविह सम्म ' આ પક્તિમા પણ સમ્યક્ત્વનો અર્થ દર્શાવવા માટે सम्म શબ્દ વપરાયેલો છે सम्म એ सम्मत्त નુ જ ટૂકુ રૂપ છે

અર્ધમાગધી ભાષામા સમ્યક્ત્વને દર્શાવનારા બીજા બે શબ્દો તે दसण અને बोहि તેમા दसण શબ્દ તત્ત્વ દર્શન, તત્ત્વપ્રતીતિ, તત્ત્વરુચિ કે તત્ત્વસ્પર્શનાના અર્થ વડે સમ્યક્ત્વનો ભાવ પામે છે અને बोहि શબ્દ જાગૃતિ, આત્મજાગૃતિના અર્થ વડે સમ્યક્ત્વની સમીપે જાય છે

સસ્કૃત ભાષામા सम्मत्त ના સ્થાને सम्यक्त्व, दसणના સ્થાને दर्शन, बोहिના સ્થાને बोधि શબ્દનો પ્રયોગ થાય છે અને सम्यग्दर्शन એવો શબ્દપ્રયોગ પણ વ્યવહારમા છે

સસ્કૃત ભાષાના આ બધા શબ્દો ગુજરાતી ભાષામા તત્સમ તરીકે વપરાય છે અને વિશેષમા સમકિત શબ્દ પણ એ જ અર્થમા રૂઢ થયેલો છે

સમ્યક્ત્વને સૂચવનારા આ શબ્દો બરાબર ખ્યાલમા રાખવાથી તેનો ભાવ સમજવામા સરળતા રહેશે

૭—સમ્યક્ત્વની વ્યાખ્યા

સમ્યક્ત્વ એ આત્માનો શુભ પરિણામ છે અને તે પરિણામને લીધે તેને શ્રીજિનેશ્વરદેવોએ કહેલા તત્ત્વભૂત પદાર્થોમા શ્રદ્ધા થાય છે, તેથી શાસ્ત્રકારોએ तत्तत्थसद्दहण सम्मत्त–तत्त्वार्थश्रद्धान सम्यग्दर्शनम्—એ પ્રમાણે સમ્યક્ત્વની

વ્યાખ્યા કરી છે અહી તત્ત્વભૂત પદાર્થોથી જીવાજીવાદિ નવ તત્ત્વો, તેમ જ દેવ-ગુરુધર્મ—એ ત્રણ તત્ત્વો સમજવાના છે શ્રીનવતત્ત્વપ્રકરણમા કહ્યુ છે કે—

जीवाइ नवपयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्त ।
भावेण सद्दहतो अयाणमाणेवि सम्मत्त ॥

'જીવ-અજીવાદિ નવ તત્ત્વપદાર્થોને જે યથાર્થ સ્વરૂપે જાણે તેને સમ્યક્ત્વ હોય છે અને મદમતિપણાથી અથવા છદ્મસ્થપણાથી જે જે ન સમજાય તે તે પણ 'શ્રી જિનેશ્વર દેવનુ કહેલુ બધુ સત્ય જ છે' એમ શ્રદ્ધાથી માને તેને પણ સમ્યક્ત્વ હોય છે'

अरिह देवो गुरुणो, सुसाहुणो जिणमय पमाण च ।
इच्चाइ सुहो भावो, सम्मत्त बिंति जगगुरुणो ॥

'અરિહત એ દેવ, સુસાધુ એ ગુરુ અને જિનમત એ જ પ્રામાણિક સત્ય ધર્મ, આવો જે આત્માનો શુભ પરિણામ તેને શ્રી જિનેશ્વરદેવો સમ્યક્ત્વ કહે છે'

૮—સમ્યક્ત્વના પ્રકારો

શાસ્ત્રમા સમ્યક્ત્વના જુદા જુદા પ્રકારો વર્ણવવામાં આવ્યા છે, તેનાથી પણ આપણે પરિચિત થવુ ઘટે છે ઉપર સમ્યક્ત્વને સૂચવનારા શબ્દોમા અમે एगविह दुविह तिविह चउहा पचविह दसविह सम्म ' એ પક્તિ આપી છે, તેનો અર્થ એ છે કે સમ્યક્ત્વ એક પ્રકારનુ છે, બે પ્રકારનુ છે, ત્રણ પ્રકારનુ છે, ચાર પ્રકારનુ છે, પાચ પ્રકારનુ છે

તથા દશ પ્રકારનુ છે એક જ વસ્તુના જુદા જુદા પ્રકારો અપેક્ષાભેદથી પડે છે, તે આપણે લક્ષમા રાખવાનુ છે

સમ્યક્ તત્ત્વની રુચિ એટલે શ્રીજિનકથિત તત્ત્વોમા યથાર્થપણાની બુદ્ધિ એ સમ્યકત્વનો એક પ્રકાર છે

નૈસર્ગિક અને આધિગમિક એ સમ્યકત્વના બે પ્રકારો છે નૈસર્ગિક એટલે ગુરુ ઉપદેશ આદિ અન્ય નિમિત્તો વિના સ્વાભાવિક રીતે જ પ્રકટ થનારુ અને આધિગમિક એટલે ગુરુના ઉપદેશ કે યથાર્થ બોધથી ઉત્પન્ન થનારુ

દ્રવ્યસમ્યકત્વ અને ભાવસમ્યકત્વ એવા પણ તેના બે પ્રકારો છે તેમા શ્રી જિનેશ્વરદેવકથિત તત્ત્વોમા જીવની સામાન્ય રુચિ તે દ્રવ્યસમ્યકત્વ છે અને વસ્તુતત્ત્વને જાણવાના ઉપાયરૂપ નય-નિક્ષેપ-પ્રમાણ વગેરેથી જીવ અજીવ આદિ તત્ત્વોને વિશુદ્ધ રૂપે જાણવા એ ભાવસમ્યક્ત્વ છે

નિશ્ચયસમ્યકત્વ અને વ્યવહારસમ્યકત્વ એવા પણ તેના બે પ્રકારો શાસ્ત્રકારોએ માનેલા છે તેમા જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્માનો જે શુદ્ધ પરિણામ તે નિશ્ચયસમ્યકત્વ છે અને તેમા હેતુભૂત સડસઠ ભેદોનુ જ્ઞાન અને ક્રિયારૂપે યથાશક્ય પાલન કરવું તે વ્યવહારસમ્યકત્વ છે

ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ સમ્યક્ત્વના ત્રણ પ્રકારો છે આત્માને વળગેલા મિથ્યાત્વના દલિકોનુ ઉપશમન થવાથી અર્થાત્ ઉદયમા આવતા અટકવાથી જે સમ્યક્ત્વ ઉત્પન્ન થાય તે ઔપશમિક આ સમ્યક્ત્વ કચરો નીચે બેસી ગયેલા જળ જેવુ નિર્મળ હોય છે આત્માને

વળગેલા મિથ્યાત્વના દલિકો અમુક અંશે ઉપશમવાથી અને અમુક અંશે ક્ષય પામવાથી જે સમ્યકત્વ ઉત્પન્ન થાય તે ક્ષાયોપશમિક આ સમ્યકત્વ કચરાવી કઈક ડહોળાયેલા જળ જેવુ કલુષિત હોય છે આત્માને વળગેલા મિથ્યાત્વના તમામ દલિકોનો ક્ષય થવાથી જે સમ્યકત્વ ઉત્પન્ન થાય તે ક્ષાયિક આ સમ્યકત્વ શુદ્ધ પાણીના પૂર જેવુ હોય છે

કારક, રોચક અને દીપકના ભેદથી પણ સમ્યકત્વના ત્રણ પ્રકારો માનવામા આવે છે શ્રદ્ધાની કારણભૂત જપ, તપ વગેરે ક્રિયાઓમા આદર કરવો તે કારકસમ્યકત્વ, શાસ્ત્રના હેતુ કે ઉદાહરણો જાણ્યા વિના પણ રુચિમાત્રથી તત્ત્વ પર શ્રદ્ધા થવી તે રોચકસમ્યકત્વ અને પોતાની શ્રદ્ધા બરાબર ન હોવા છતા બીજાને તત્ત્વ શ્રદ્ધા પમાડવી તે દીપકસમ્યકત્વ આ ત્રીજા પ્રકારનુ સમ્યકત્વ માત્ર વ્યવહારથી જ સમ્યકત્વ કહેવાય છે, પણ તાત્ત્વિક દૃષ્ટિએ તે સમ્યકત્વ નથી

ઔપશમિક વગેરે સમ્યકત્વના ત્રણ પ્રકારોમા સાસ્વાદન ઉમેરીએ તો સમ્યકત્વના ચાર પ્રકારો થાય સમ્યકત્વથી પતિત થયેલા પણ મિથ્યાત્વને નહિ પામેલા જીવનુ જે સમ્યકત્વ તે સાસ્વાદન સમ્યકત્વ જેમ કોઈ ક્ષીરનુ ભોજન કર્યા પછી વમન કરતી વખતે તેનો કિંચિત્ સ્વાદ અનુભવે તેના જેવી આ સ્થિતિ છે

આ ચાર પ્રકારોમા વેદક ઉમેરીએ તો સમ્યકત્વના પાચ પ્રકારો થાય ક્ષાયિક સમ્યકત્વ પ્રકટ થતા પહેલા

સમ્યક્ત્વ મોહનીયના જે ચરમ દલો વેદાય છે, તેને વેદક સમ્યક્ત્વ કહેવામા આવે છે

સમ્યક્ત્વના આ પાચે પ્રકારોના નૈસર્ગિક અને આધિગમિક એવા બે બે ભાગો કરીએ તો સમ્યક્ત્વ દશ પ્રકારનુ થાય અથવા નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સક્ષેપ રુચિ, અને ધર્મરુચિ એવા પણ તેના દશ પ્રકારો છે

૧ નિસર્ગરુચિ–જે જીવ જિનેશ્વરોએ યથાર્થ અનુભવેલા ભાવોને પોતાની મેળે જાતિ-સ્મરણાદિ જ્ઞાનથી જાણીને 'તે એમ જ છે, પણ અન્યથા નથી' એવી અડગ શ્રદ્ધા રાખે તે નિસર્ગરુચિ

૨ ઉપદેશરુચિ–કેવલી કે છદ્મસ્થ ગુરુઓ વડે કહેવાયેલા–ઉપદેશાયેલા ઉપર્યુક્ત ભાવો પર શ્રદ્ધા રાખે તે ઉપદેશરુચિ

૩ આજ્ઞારુચિ–રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાનથી રહિત મહાપુરુષોની આજ્ઞા પર રુચિ ધરાવે તે આજ્ઞારુચિ

૪ સૂત્રરુચિ–જે અગપ્રવિષ્ટ કે અગબાહ્ય સૂત્રો ભણીને તત્ત્વમા રુચિવાળો થાય તે સૂત્રરુચિ

૫ બીજરુચિ–જેમ એક બીજ વાવવાથી અનેક બીજો ઉત્પન્ન થાય, તેમ એક પદથી કે એક હેતુથી કે એક દૃષ્ટાતથી ઘણા પદો, ઘણા હેતુઓ કે ઘણા દૃષ્ટાતો પર શ્રદ્ધાવાળો થાય તે બીજરુચિ

૬ અભિગમરુચિ—જે અગિયાર અંગ, બારમા દૃષ્ટિવાદ અને બીજા સિદ્ધાંતોના અર્થને બરાબર જાણીને તત્ત્વ પર રુચિ ધરાવે તે અભિગમરુચિ

૭ વિસ્તારરુચિ—જે છ દ્રવ્યોને પ્રમાણ અને નય વડે જાણીને તત્ત્વ પર રુચિ કરે તે વિસ્તારરુચિ

૮ ક્રિયારુચિ—જે અનુષ્ઠાનોમા કુશલ હોય તથા ક્રિયા કરવામા રુચિવાળો હોય તે ક્રિયારુચિ

૯ સક્ષેપરુચિ—જે થોડુ સાભળીને પણ તત્ત્વની રુચિવાળો થાય તે સક્ષેપરુચિ ઉપશમ, વિવેક અને સવર એ ત્રણ પદો સાભળીને ચિલાતીપુત્ર તત્ત્વમા રુચિવાળા થયા હતા

૧૦ ધર્મરુચિ—જે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય વગેરે પદાર્થોને કહેનારા જિનવચનોને સાભળીને શ્રુત-ચારિત્રરૂપ ધર્મ પર શ્રદ્ધાવાળો થાય તે ધર્મરુચિ

આ દરેક આત્માનુ સમ્યકત્વ તે સમ્યકત્વનો એક પ્રકાર, એ રીતે દશ પ્રકાર સમજવા

૯—વ્યવહાર-સમ્યકત્વના સડસઠ ભેદો

જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્માનો શુદ્ધ પરિણામ એ નિશ્ચય સમ્યકત્વ છે અને તેમા હેતુભૂત સમ્યકત્વના ૬૭ ભેદોનુ જ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયારૂપે યથાશક્તિ પાલન કરવુ એ વ્યવહાર-સમ્યકત્વ છે આ વ્યવહાર-સમ્યકત્વના ૬૭ ભેદો શ્રી પ્રવચનસારોદ્ધારના ૧૪૮ મા દ્વારમા નીચે પ્રમાણે જણાવેલા છે–

षडसद्दहण-तिलिंग, दसविणय-तिसुद्धि-पचगयदोस ।
अट्ठपभावग-भूसण-लक्खण-पचविहमजुत्त ॥ १ ॥
छव्विह-जयणागार, छ-भावणभाविअ च छट्ठाण ।
इय सत्तसट्ठिलक्खणभेयविसुद्ध च सम्मत्त ॥ २ ॥

'ચાર સદ્દહણા, ત્રણ લિંગો, દશ પ્રકારનો વિનય, ત્રણ પ્રકારની શુદ્ધિ, પાચ દૂષણો, આઠ પ્રભાવકો, પાચ ભૂષણો, પાચ લક્ષણો, છ જયણા, છ આગારો, છ ભાવનાઓ અને છ સ્થાનો એમ સડસઠ ભેદોથી યુક્ત હોય તે સમ્યક્ત્વ શુદ્ધ સમજવુ'

વ્યવહારમા આ જ સમ્યક્ત્વનો ખાસ ઉપયોગ હોવાથી અહીં તેના વિષે વિવેચન કરીશુ

૧૦—ચાર સદ્દહણા

સમ્યક્ત્વની સદ્દહણા–શ્રદ્ધાના ચાર પ્રકારો છે પરમાર્થ-સસ્તવ, પરમાર્થજ્ઞાતૃસેવન, વ્યાપન્નવર્જન અને કુદૃષ્ટિ વર્જન

પરમાર્થસસ્તવ એટલે પરમાર્થભૂત જીવાજીવાદિ તત્ત્વોનો પરિચય તેની સદ્દહણા આ રીતે કરવી

(૧) શુભ–અશુભ કર્મનો કર્તા, શુભ અશુભ કર્મનો ભોક્તા, સસર્તા–પરિનિર્વાતા, ચતન્યવત, ઉપયોગલક્ષણ જીવ તે પ્રથમ તત્ત્વ છે

(૨) ચૈતન્યથી રહિત ધર્મ, અધર્મ, આકાશ, કાલ અને પુદ્ગલ, એ પાચ દ્રવ્યો તે બીજુ અજીવ તત્ત્વ છે

જીવ અને અજીવ એ બે જુદા તત્ત્વો છે, પણ કેટલાક માને છે, તેમ માત્ર એક જ વસ્તુના બે સ્વરૂપો નથી જો જીવ એ અજીવની-પુદ્ગલની પરિણતિ હોય તો તે અજીવથી જુદો કહેવાય નહિ, પણ તે પુદ્ગલની પરિણતિ નથી, એટલે નિશ્ચયથી એક સ્વતંત્ર તત્ત્વ છે હાલનુ વિજ્ઞાન ચૈતનની ઉત્પત્તિ જડ પદાર્થના સયોગથી માને છે, તે આ સિદ્ધાતથી વિરુદ્ધ છે, તેથી માનવા યોગ્ય, શ્રદ્ધા કરવા યોગ્ય નથી

(૩) શુભકર્મ અથવા પુણ્ય એ ત્રીજુ તત્ત્વ છે

(૪) અશુભ કર્મ અથવા પાપ એ ચોથુ તત્ત્વ છે

(૫) જેનાથી કર્મનુ આત્મા ભણી આવવુ થાય એ પાચમુ આશ્રવ તત્ત્વ છે

(૬) જેનાથી કર્મ આત્માભણી આવતા અટકે એ છઠ્ઠુ સવર તત્ત્વ છે

(૭) બાહ્ય-અભ્યન્તર તપવડે કર્મને આત્મા થી અમુક અંશે છૂટા પાડવા એટલે નિર્જરા એ સાતમુ તત્ત્વ છે

(૮) કર્મનો આત્મપ્રદેશો સાથે ક્ષીરનીરવત્ સબધ થવો એટલે બધ એ આઠમું તત્ત્વ છે

(૯) કર્મનો આત્મપ્રદેશોથી સર્વથા વિયોગ થવો એટલે મોક્ષ એ નવમુ તત્ત્વ છે

આ તત્ત્વો પર શ્રદ્ધા જામે તો જ આત્મવિકાસ, આત્મજાગૃતિ કે આત્મોન્નતિ શકય બને જો તેમાનુ કોઈપણ તત્ત્વ માનવામા-સ્વીકારવામા ન આવે તો આત્મવિકાસની ભાવના તૂટી પડે અને પરિણામે જીવ ચાર ગતિમા રખડતો જ રહે દાખલા તરીકે કોઈ જીવને માને

પણ બંધ–મોક્ષને ન માને કે પુણ્ય–પાપને ન માને તો તેના જીવનમા અધ્યાત્મના–આધ્યાત્મિક પ્રવૃત્તિના દર્શન થાય નહિ

પરમાર્થજ્ઞાતૃસેવન એટલે જીવાદિ પરમાર્થ તત્ત્વોના જાણુ, સ વેગ રગમા રમતા, શુદ્ધધર્મના ઉપદેશક એવા ગીતાર્થ આચાર્ય પ્રમુખની સેવા જે ગીત એટલે સૂત્ર અને અર્થ એટલે તેની વ્યાખ્યા સારી રીતે જાણે તે ગીતાર્થ કહેવાય તેની સેવા ભક્તિ–આરાધના સારી રીતે કરવી, જેથી જીવાજીવાદિ તત્ત્વનો બોધ થાય અને તેમા શ્રદ્ધા ઉપજે તથા વધતી ચાલે વળી તે અગે કોઈ શકા હોય તો તેનુ નિવારણ પણ થાય

'ગીતાર્થની સેવા કેવી રીતે કરવી ?' એના જવાબમા જૈન મહર્ષિઓએ बहुमानविनयपरिशुद्ध એવા શબ્દો કહ્યા છે, એટલે વિનય તથા બહુમાનપૂર્વક એ સેવા કરવી જોઈએ

અન્યત્ર પણ એવા શબ્દો ઉચ્ચારાયા છે કે 'જેણે સેવ્યા ગુરુના ચર્ણ, તેને નહિ જન્મ કે મર્ણ ' અર્થાત્ જેણે સદ્ગુરુની સેવા સારી રીતે કરી છે, તેને તત્ત્વબોધ અવશ્ય થાય છે અને તેના પરિણામે તે શુદ્ધ ચારિત્રવાન્ થઈને જન્મ–મરણની પરપરાનો નાશ કરી શકે છે

તત્ત્વો અગે શ્રદ્ધા થયા પછી તેનો નાશ ન થાય તે માટે પણ કેટલોક વિચાર કરવાનો રહે છે તે અગે જૈન મહર્ષિઓએ બે વસ્તુ આપણી આગળ ધરી છે એક તો વ્યાપન્નવર્જન એટલે વ્યાપન્નદર્શનીનો ત્યાગ અને કુદૃષ્ટિ-

વર્તન એવું કુમિત્રો [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] છે કે જેથી આત્મા-
[illegible] [illegible] [illegible] ॥ [illegible]
[illegible] અને [illegible] [illegible] સદા [illegible]
હોય, [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] હોય, [illegible] [illegible] [illegible]
[illegible], [illegible], [illegible] અને [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
અને [illegible] [illegible] [illegible] ॥ [illegible] [illegible]
[illegible] થાય [illegible] [illegible], [illegible]
[illegible], [illegible], [illegible] [illegible] અને
[illegible] [illegible] [illegible] [illegible]
એવું [illegible] [illegible] [illegible] [illegible]
કરીને રહેનાર, [illegible] [illegible] અને [illegible]
[illegible] એવું [illegible] [illegible] [illegible] [illegible]
લોકો [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible]
સાથે કોઈ [illegible] [illegible] હોય, તો તે મનુષ્ય [illegible]
પદ મેળવ્યા વિના રહે ખરો ? નીતિકારોએ કહ્યું
છે કે—

कुसंगात् कुबुद्धिः स्यात्, कुबुद्धेः कुवर्तनम् ।
कुवर्तनेनचात्रदुःखभाजनं जायते ॥

"કુસંગતિથી કુબુદ્ધિ થાય છે કુબુદ્ધિથી કુપ્રવર્તન થાય છે અને કુપ્રવર્તનથી પ્રાણી દુઃખપરંપરાનું ભાજન થાય છે"

હવે કુદૃષ્ટિ પર આવીએ જેની દૃષ્ટિ કુત્સિત હોય, તે કુદૃષ્ટિ કહેવાય પરિભાષાથી અહીં મિથ્યાત્વીઓ કે અન્ય દર્શનીઓને કુદૃષ્ટિ સમજવા તેમના વિશેષ સંસર્ગનુ પરિણામ પણ ઉપરના જેવુ જ આવે છે નંદ મણિયારે પ્રથમ સમ્યક્ત્વપૂર્વક શ્રી પાર્શ્વનાથ સ્વામીના શાસનના વ્રતો ગ્રહણ કર્યા હતા, પણ પછીથી મિથ્યાત્વીઓનો સંસર્ગ વધતા એ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયો હતો અને તેના વ્રતો તૂટી ગયા હતા તે વાવકૂવા વગેરેમા પુણ્ય માનવા લાગ્યો હતો અને તેણે રાજગૃહી નગરીની બહાર એક સુદર વાવ બનાવી હતી એ વાવમા આસક્તિ રહેતા મરીને તે દેડકો થયો હતો

મિથ્યાત્વીઓના વિશેષ સંસર્ગથી આપણી માન્યતાઓ અને રહેણીકરણી પર કેવી અસર થાય છે, તે વર્તમાન કાળે પણ બરાબર અવલોકી શકાય છે જ્યા રાત્રિભોજન ન હતુ ત્યા રાત્રિભોજન આવ્યુ, કદમૂળનો સર્વથા ત્યાગ હતો, ત્યા બટાટા, સુરણ વગેરે કદો દાખલ થયા, બરફ વગેરે અભક્ષ્ય વસ્તુ વાપરવાની કોઈ વૃત્તિ ન હતી, ત્યા એનો ધમધોકાર ઉપયોગ થવા લાગ્યો અને વિચારોમા પણ મોટુ પરિવર્તન થયુ તેથી આ બાબતમા બને તેટલો ઉપયોગ રાખવો જોઈએ

૧૧—ત્રણ લિંગો

'એક આત્મામા સાચુ સમ્યક્ત્વ પ્રકટ થયુ છે, તે શી રીતે જાણવુ ?' એ પ્રશ્નના ઉત્તરમા જૈન મહર્ષિઓએ નીચેની ગાથા કહી છે—

[illegible] ।
[illegible] ॥

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible] પ્રાણી ૧૧

[illegible] પ્રાણી ।
[illegible] પ્રાપ્તિ થાય

તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર [illegible],
તેહથી રાગ અતિ ઘણો રે, ધર્મ [illegible]
રે પ્રાણી ૧૨

કોઈ તરુણ પુરુષ સર્વ પ્રકારની ચિંતાથી રહિત હોય,
રોગવર્જિત હોય, સર્વ વાતે સુખી હોય, તે રૂપવતી યુવ-

ક્ષણી સ્ત્રી સાથે પાચે ઇંદ્રિયોનુ સુખ ભોગવતો થકો ચતુરાઈથી દેવતાઓના ગીત સાભળે અને જેવો આનદ પામે તેથી પણ વધારે આનદ ધર્મનુ શ્રવણ કરતા થાય, ત્યારે શ્રુતાભિલાષ પ્રકટ થયો જાણુવો

ભુખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચગ,
ઇચ્છે તિમ જે ધર્મને રે, તે દ્વિજ બીજુ લિગ રે,
પ્રાણી ૧૩

કોઈ બ્રાહ્મણ વિકટ વન ઓળગીને આવેલો હોય અને ક્ષુધાથી પીડાયેલો હોય, તે સુદર ઘેબર જોઈને ખાવાની તીવ્ર ઇચ્છા કરે, તેના જેવી તીવ્ર ઇચ્છા ધર્મ પ્રત્યે થાય ત્યારે ધર્મરાગ નામનુ સમ્યક્ત્વનુ બીજુ લિગ પ્રકટ થયુ જાણવુ

વૈયાવચ્ચ ગુરુદેવનુ રે, ત્રીજુ લિગ ઉદાર,
વિદ્યાસાધક પરે કરે રે, આળસ નવિય લગાર,
રે પ્રાણી ૧૪

જે ગુરુ તથા દેવના ચરણકમલની સેવા—ભક્તિ વિદ્યાસાધકની પેઠે લગાર પણ આળસ લાવ્યા વિના [illegible] સમ્યક્ત્વનુ ત્રીજુ સુદર લિગ સમજવુ

૧૧—દશ પ્રકારનો વિનય

વિનય વિના સામાન્ય વિદ્યા પણ [illegible] સમ્યક્ત્વ જેવી એક અપૂર્વ વસ્તુ શી [illegible]? તાત્પર્ય કે એ માટે વિનયની ખાસ [illegible] જ તે અગે અહી [illegible] વિચારણા છે



વિનય શબ્દ [illegible] અનેક અર્થોમાં વપરાય છે, પણ અહીં વિનયનો [illegible] વિનયના પ્રકાર [illegible] (૧) [illegible]પ્રતિપત્તિ-[illegible] (૨) [illegible]-બહુમાન [illegible] (૩) ગુણ-સ્તુતિ [illegible] (૪) અવર્ણવાદનો ત્યાગ અને (૫) [illegible] આશાતનાનો ત્યાગ.

આ વિનય [illegible] કોને [illegible] જણાવે છે:

અરિહંત સિદ્ધ ચેઇય સુય ધમ્મે ય સાહુવગ્ગે ય ।
આયરિય ઉવજ્ઝાએ, પવયણ દંસણે વિણઓ ॥

'અર્થાત્, સિદ્ધ [illegible] શ્રુત [illegible] ધર્મ, સાધુ-વર્ગ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન (સંઘ) અને [illegible] દર્શનનો વિનય કરો.'

૧ અર્હંતનો વિનય એટલે વર્તમાનમાં [illegible] અરિહંતોનો વિનય.

૨ સિદ્ધનો વિનય એટલે આઠે કર્મનો ક્ષય કરી સિદ્ધશિલાના [illegible] સિદ્ધ ભગવંતોનો વિનય.

૩ ચૈત્યનો વિનય શ્રી હરિભદ્રસૂરિએ [illegible] જણાવ્યું છે કે 'ચૈત્યવંદનો, જિનેન્દ્ર પ્રતિમા—આ શબ્દ જિનેન્દ્રપ્રતિમાના અર્થમાં રૂઢ થયેલો છે. શ્રી હેમચંદ્રાચાર્યે અભિધાનચિંતામણિમાં 'ચૈત્ય જિનૌક તદ્બિમ્બમ્' એવો અર્થ કર્યો છે, એટલે ચૈત્ય શબ્દ જિન મંદિર અને જિનપ્રતિમા બંનેનો અર્થ દર્શાવે છે. આ બંનેનો વિનય કરવો તે ચૈત્યનો વિનય.

જિનમંદિરમાં જનારે નીચેની દશ બાબતો પર ખાસ લક્ષ રાખવાનું હોય છે –

(૧) મંદિરમાં પાન, સોપારી કે તાંબૂલ ચાવવું નહિ (મંદિરમાં દાખલ થતી વખતે મોઢું પાણીથી સાફ કરી લેવું જોઈએ)

(૨) પાણી પીવું નહિ

(૩) ભોજન કરવું નહિ

(૪) મોજડી પગરખાં પહેરીને જવું નહિ

(૫) કામચેષ્ટા કરવી નહિ

(૬) પથારી કરવી નહિ કે સૂવું નહિ

(૭) થુંક બળખો નાખવો નહિ

(૮) લઘુનીતિ (પેશાબ) કરવી નહિ

(૯) વડીનીતિ (મલત્યાગ) કરવી નહિ

(૧૦) કોઈ પણ પ્રકારનો જુગાર રમવો નહિ

આ ઉપરાંત બીજા પણ ૩૨ નિયમો પાળવાના હોય છે, તે આ પ્રમાણે

(૧૧) કોઈ ત્યાં જુગાર રમતું હોય તો તેની અનુમોદના કરવી નહિ

(૧૨) પલાંઠી વાળીને બેસવું નહિ

(૧૩) પગ લાંબા કરીને બેસવું નહિ

(૧૪) પરસ્પર વાદ વિવાદ કરવો નહિ

(૧૫) કોઈની મશ્કરી કરવી નહિ

(૧૬) કોઈ પ્રકારનું અભિમાન કરવું નહિ

(૧૭) ઊંચું આસન માંડીને બેસવું નહિ

(૧૮) કેશ ઓળવા નહિ

(૧૯) પોતાના માથે છત્ર રાખવુ નહિ

(૨૦) પોતાની સાથે ખડ્ગ રાખવુ નહિ

(૨૧) પોતાના માથે મુગટ રાખવો નહિ

(૨૨) પોતાના ઉપર ચામર વીઝાવવો નહિ

આ છેલ્લા ચાર નિયમો મુખ્યત્વે રાજા અંગે છે

(૨૩) સઘ કે અન્યની સાથે તકરારના કારણે ત્યા લાઘવા બેસવુ નહિ

(૨૪) હાસ્ી ઠઠ્ઠા કરવા નહિ

(૨૫) લપટ સ્ત્રી, પુરુષ કે વેશ્યાની દલાલી કરનાર પુરુષને ત્યા બોલાવવો નહિ કદાચ ત્યા આવેલો દેખાય તો તેની સાથે કઈ પણ વાત કરવી નહિ

(૨૬) મુખકોશ વિના પૂજા કરવી નહિ

(૨૭) શરીર મલિન રાખીને અર્થાત્ સ્નાન કર્યા વિના મૂર્તિને અડવુ નહિ

(૨૮) મલિન વસ્ત્રો (અશુચિવાળા) પહેરીને મૂર્તિને અડકવુ નહિ

(૨૯) અવિધિથી પૂજા કરવી નહિ

(૩૦) મનને ભટકતુ રાખીને પૂજા કરવી નહિ

(૩૧) જે પુષ્પ, ફળ વગેરે પ્રભુ આગળ ધરવાના હોય તેજ અદર લાવવા, બીજા અદર લાવવા નહિ

(૩૨) ઉત્તરાસગ વિના પૂજા કરવી નહિ

(૩૩) ભક્તિભાવથી અજલિ કરવી

(૩૪) પૂજાના ઉપકરણો શુદ્ધ રાખવા

(૩૫) પુષ્પો વગેરે હીન વાપરવા નહિ

(૩૬) જિન મૂર્તિનો અનાદર કરવો નહિ

(૩૭) જિનેશ્વર પ્રત્યે શત્રુભાવે વર્તનારને વારવો

(૩૮) ચૈત્યદ્રવ્ય ખાવુ નહિ

(૩૯) વિનાશ પામતા ચૈત્યદ્રવ્યની ઉપેક્ષા કરવી નહિ

(૪૦) છતી શક્તિએ પૂજા, વંદનઆદિમાં મંદતા કરવી નહિ

(૪૧) દેવદ્રવ્ય ખાનાર સાથે વ્યાપાર કે મૈત્રી રાખવા નહિ

(૪૨) દેવદ્રવ્ય ખાનારને આગેવાન તરીકે સ્થાપવો નહિ કે તેને મત આપવો નહિ

આ સિવાય બીજા પણ કેટલાક નિયમો છે, પણ આ નિયમોને સમજી તેનુ બરાબર પાલન કરવાનુ છે

૪ શ્રુતનો વિનય એટલે સામાયિકથી માંડીને બિંદુસાર પર્યંતના જિનાગમોનો વિનય

૫ ધર્મનો વિનય એટલે દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્રનો વિનય શ્રુત અને ચારિત્ર એ બંને ધર્મના અંગો છે પણ અહીં શ્રુતનો જુદો નિર્દેશ કર્યો છે, એટલે ધર્મ શબ્દથી ચારિત્ર ગ્રહણ કરવાનુ છે

૬ સાધુનો વિનય એટલે સર્વવિરતિને ધારણ કરનાર સત્તાવીશ ગુણોએ કરીને સહિત મુમુક્ષુ આત્માઓનો વિનય

૭ આચાર્યનો વિનય એટલે આચાર પાળનાર અને પળાવનાર વિશિષ્ટપદથી વિભૂષિત ધર્માચાર્યનો વિનય

૮ ઉપાધ્યાયનો વિનય એટલે સાધુવર્ગને શ્રુતનુ

અધ્યયન કરાવનાર વિશિષ્ટ પદથી વિભૂષિત ઉપાધ્યાયનો વિનય

૯ પ્રવચનનો વિનય એટલે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘનો વિનય

૧૦ દર્શનનો વિનય એટલે ક્ષાયિક ક્ષાયોપશમિક અને ઔપશમિક એ ત્રણ પ્રકારના સમ્યક્ત્વનો વિનય

૧૩—ત્રણ શુદ્ધિ

સમ્યક્ત્વને નિર્મળ બનાવવા માટે દશ પ્રકારના વિનય ઉપરાંત ત્રણ પ્રકારની શુદ્ધિ પણ આવશ્યક છે તે અંગે શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યુ છે કે—

मनोवाक्कायसंशुद्धि, सम्यक्त्वशोधिका भवेत् ।
तत्रादौ मनःसंशुद्धि सत्यं, जिनमतं मुणन् ॥

'મન, વચન અને કાયાની શુદ્ધિ સમ્યક્ત્વનું શોધન કરે છે તેમા પ્રથમ મન શુદ્ધિ કરવી, એટલે કે જિનમતને સત્ય માનવો'

વચનશુદ્ધિ અંગે તેમણે જણાવ્યુ છે કે—

जीवाजीवादितत्त्वानां, प्ररूपक सदागमम् ।
तद्विपरीत यद्वत्माय, सा शुद्धिवचसा भवेत् ॥

'જીવ, અજીવઆદિ તત્ત્વોની પ્રરૂપણા કરનારા આગમમા તે તત્ત્વોનુ સ્વરૂપ જે રીતે દર્શાવ્યુ છે, તેથી વિપરીત વચન બોલવું નહિ, તે વચનશુદ્ધિ છે'

આ બને વસ્તુ ધ્યાનમા લેતા એમ સમજાય છે કે શ્રી જિનેશ્વરદેવની શક્તિ વિષે તથા જિનાગમોની સત્યતા વિષે શંકા કરનારા વાક્યો ખુબ બોલવા, અને ક્યારેય

તેમની કોઈ ઉણપ દેખાય એવો વચનપ્રયોગ કરવો નહિ, એ સમ્યક્ત્વની વચનવડે શુદ્ધિ કહેવાય

કાયશુદ્ધિ અંગે જૈન મહર્ષિઓએ કહ્યુ છે કે—

खड्गादिभिर्विध्यमान, पीड्यमानोऽपि बन्धनै ।
जिन विनान्यदेवेभ्यो, न नमेत्तस्य सा भवेत् ॥

'ખડ્ગાદિથી છેદાતા છતા અને બધનથી પીડાતા છતા પણ જિનેશ્વરદેવ સિવાય અન્ય કોઈને નમે નહિ, તેને તે અર્થાત્ ત્રીજી કાયશુદ્ધિ થાય છે'

પ્રાચીન ગાથાઓમા પણ આવો જ ભાવ છે અને તે ઉપાધ્યાયજીના નિમ્ન શબ્દોમા વ્યક્ત થએલો છે

છેદ્યો ભેદ્યો વેદના રે, જે સહેતો અનેક પ્રકાર રે,
જિન વિણ પર સુર નવિ નમે રે, તેહની કાયાશુદ્ધિ ઉદાર રે
ચતુર વિચારો ચિત્તમા

આનો ભાવાર્થ એ છે કે સામે વિપત્તિના વાદળો ઘેરાતા જણાય કે અનેકવિધ કષ્ટ-મુશ્કેલી-મુસીબતો તૂટી પડે પણ શિર અન્ય દેવને નમાવવુ નહિ, એ કાયા વડે સમ્યક્ત્વની શુદ્ધિ થઈ ગણાય

'આરુ તે મારુ' નામના બીજી શ્રેણીના પ્રથમ નિબધમા અમે મહાકવિ ધનપાળનો પ્રબધ આપી ગયા છીએ, તેમા રાજા ભોજ શિવાલયમા પ્રવેશ કરે છે અને બધા પડિતો મસ્તક નમાવી શિવની સ્તુતિ કરે છે પણ ધનપાળ કવિ મસ્તક નમાવતા નથી, એ પ્રસગ આપેલો છે ત્યા રાજા તેમને નમસ્કાર કરવાનુ કહેતા તેમણે જે શબ્દો ઉચ્ચાર્યા હતા, તેની અહીં યાદ આપીએ છીએ —

जिनेन्द्रचन्द्रप्रणिपातलालसं,
मया शिरोऽन्यस्य न नाम नम्यते ।
गजेन्द्रगण्डस्थलदानलालसं
शुनीमुखे नालिकुलं निलीयते ॥

'હે રાજા! જિનેન્દ્રરૂપી ચંદ્રને નમસ્કાર કરવાને તત્પર રહેલું મારું શિર હું અન્ય કોઈની–કોઈ દેવની સામે ઝુકાવતો નથી. હાથીના ગંડસ્થળમાંથી ઝરતો મદ પીવાને ઉત્સુક ભમરાઓનો સમૂહ શું કૂતરીઓના મુખ પર લીન થાય છે ખરો?'

ઇતિહાસમાં એવા દાખલાઓ પણ નોંધાયેલા છે કે સમ્યક્ત્વ ધારણ કરનારાઓએ અન્ય દેવનો સ્વીકાર કરવાને બદલે પોતાના પ્રાણની જરાય નહિંચ પામ્યા વિના આહુતિઓ આપી દીધી હોય. મદુરામાં વસેલી આ પ્રકારની પાંચ હજાર જૈનોની કતલ તેના એક શિલાલેખમાં કોતરાયેલી છે અને એક વાર આ કાયશુદ્ધિનો સિદ્ધાંત કેટલી દૃઢતાથી પળાતો હતો, તેનું ઉદ્બોધન કરી જાય છે.

૧૪—પાંચ દૂષણો

જેનાથી સમ્યક્ત્વ દૂષિત થાય, અપવિત્ર થાય, મલિન થાય તેને દૂષણ કહે છે. આવા દૂષણો પાંચ પ્રકારના છે તે અંગે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

शङ्का काङ्क्षा विचिकित्सा, मिथ्यादृष्टिप्रशंसनम् ।
तत्संस्तवश्च पञ्चापि, सम्यक्त्वं दूषयन्त्यमी ॥

'શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિપ્રશંસા અને મિથ્યાદૃષ્ટિસંસ્તવ એ પાંચે સમ્યક્ત્વને દૂષિત કરે છે.'

સમ્યકત્વધારીએ આ પાચે વસ્તુથી બચવાનુ છે શકાથી બચવું એટલે જિનવચનમા શકા કરવી નહિ, કારણ કે એ વચનો જેમને આ જગતમા કોઈ પણ જાતનો સ્વાર્થ ન હતો, એવા વીતરાગ સર્વજ્ઞ મહાપુરુષોએ કહેલા છે તેમને અન્યથા કહેવાનુ પ્રયોજન શુ ?

અહી એવો પ્રશ્ન થવાનો સભવ છે કે 'કોઈ જિન-વચન સમજાય નહિ અને મનમા શકા થાય તો શુ સમ્ય કત્વ દૂષિત થાય ?' એનો ખુલાસો એ છે કે 'સ્વાધ્યાય કરતા વસ્તુ નહિ સમજવાથી જે શકા થાય છે, તે સત્ય સમજવાની જિજ્ઞાસારૂપ છે, એટલે એવી શકાને અહી સ્થાન નથી આવી શકાઓનુ સમાધાન કરવા માટે તો સ્વાધ્યાયમા પ્રચ્છના નામનો બીજો પ્રકાર રખાયેલો છે પ્રચ્છનાદ્વારા પણ શકાનુ સમાધાન ન થાય તો પોતાના જ્ઞાનાવરણીય કર્મને લીધે પોતાની અજ્ઞતારૂપી ખામી માનવાની અને જે જિને કહ્યુ તે તો સાચુ જ છે એવી દૃઢ શ્રદ્ધા કરવાની પરતુ અહી શકાથી શકાશીલ વૃત્તિનો નિર્દેશ છે કે જે એક પરમ સત્ય વસ્તુ માટે પણ શકા ઉઠાવ્યા કરે અને ધીરે ધીરે આત્માને શ્રદ્ધાથી ચલિત કરે તે માટે ભગવદ્-ગીતામા પણ કહ્યુ છે કે 'अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति —અજ્ઞાની અને શ્રદ્ધા નહિ કરનારો એવો સશયાત્મા નાશ પામે છે'

કાક્ષાથી બચવું એટલે અન્યમતની—કુમતની ઇચ્છાથી બચવું જ્યા મનનુ 'વલણ એક વસ્તુ પર સ્થિર રાખ વાની જરૂર હોય ત્યા અન્યાન્ય વસ્તુઓની ઇચ્છા ઉર્યા

કરવામા આવે તો એ વલણ ઢીલુ પડે છે અને આખરે તૂટી જાય છે એક વિદ્યાર્થી કોલેજમા ભણવા જાય છે અને ત્યા વિજ્ઞાનવિશારદ થવા માટે વિજ્ઞાનનો અભ્યાસ શરૂ કરે છે હવે એ અભ્યાસ થોડો કઠિન લાગતા વિચાર કરે છે કે આના કરતા તો એન્જિનેરી લાઈન લીધી હોત તો સારુ થાત, અથવા કાયદાની લાઈન લેવી ઠીક હતી, અથવા વ્યાપારની લાઈન પકડી હોત તો બહુ મજા આવત! આમ તે બીજી બીજી લાઈનનો વિચાર કરે છે, તેનુ પરિણામ એ આવે છે કે વિજ્ઞાનનો અભ્યાસ કરવામા જે એકાગ્રતા દાખવવી જોઈએ, જે નેમ રાખવુ જોઈએ, તે એ દાખવી શકતો નથી અને વિજ્ઞાનની પરીક્ષામા નિષ્ફળ જાય છે તાત્પર્ય કે મનનુ વલણ એક સરખુ જાળવી રાખવું હોય તો તેણે અન્યાન્ય દર્શનની ઇચ્છા કરવી ન જોઈએ અને તેમના જલસા, ધામધૂમ, ચમત્કાર વગેરે જોઈને મુઝાવુ ન જોઈએ

વિચિકિત્સાથી બચવુ એટલે ધર્મના ફલમા શકા કરવી નહિ દાખલા તરીકે જિનેશ્વર દેવે આ બધા અનુષ્ઠાનો તો બતાવ્યા છે, પણ તે કરવાથી કહ્યા મુજબનુ ફળ મળતુ હશે કે કેમ?' આવી વિચિકિત્સા કરવાથી અનુષ્ઠાનો વિષેનો આદર ઓછો થઈ જાય છે અને છેવટે તેને પડતા મૂકવાનુ મન થાય છે તથા સમ્યક્ત્વથી ભ્રષ્ટ થવાય છે

જે ફળને માટે અધીરા કે ઉતાવળા થાય છે, તેમણે વૃક્ષનો દાખલો પોતાની સામે રાખવો જોઈએ પ્રથમ બી વવાય છે, તેમાથી અકુર ફુટે છે, તેમાથી સ્કધ થાય છે, તેમાથી શાખા અને પ્રતિશાખા વિસ્તાર પામે છે, તેને પત્ર-

પુષ્પ આવે છે અને છેવટે ફળ આવે છે એટલે ફળપ્રાપ્તિ ક્રમાનુસાર થાય છે અને તે માટે કેટલીક સમય અવશ્ય જાય છે આજે ગોટલી વાવીએ અને આવતી કાલે જ આંબો ઉગે એવું હોતુ નથી વળી ફળને જલ્દી લેવાની ઈચ્છા રાખીએ તો કાચુ ફળ હાથમા આવે છે અને ચાખીએ તો દાંત ખાટા થાય છે અહી પણ એમ જ વિચારવુ ઘટે કે જ્યારે દરેક વસ્તુ નિયમાનુસાર બન્યા કરે છે, ત્યારે કોઈ શુભ કરણી યોગ્ય સમયે પોતાનુ ફળ કેમ નહિ આપે? તે માટે શકા શા માટે કરવી?

ચોથુ દૂષણ મિથ્યાદૃષ્ટિની પ્રશસા છોડવી, એટલે તેનો ગુણાનુવાદ કરવો નહિ, બાકી ઠેઠ અરિહતના ગુણથી માડી નીચે માર્ગાનુસારીના ગુણની અનુમોદના–પ્રશસા કરવાનુ શાસ્ત્રકારોનુ ફરમાન છે

'એમ કરવામા શુ વાધો?' એવો પ્રશ્ન પૂછાય તો તેનો ઉત્તર એ છે કે 'તેમા ઉન્માર્ગનુ પોષણ થાય છે અને મિથ્યાત્વ લાગે છે'

પાચમુ દૂષણ મિથ્યાદૃષ્ટિનો સસ્તવ છોડવો, એટલે મિથ્યાદૃષ્ટિનો વિશેષ પરિચય ન કરવો તેના કારણોમા શાસ્ત્રકારોએ એમ જણાવ્યુ છે કે 'મિથ્યાદૃષ્ટિઓની સાથે એકત્ર વાસ, ભોજન, આલાપાદિ પરિચય રાખવાથી સુખે સાધી શકાય એવી તેમની ક્રિયાઓ સાભળવા અને જોવાથી દૃઢ સમ્યક્ત્વવાળાનો પણ દૃષ્ટિભેદ સભવે છે, તો પછી નવો ધર્મ પામનાર સામાન્ય બુદ્ધિના માણસોના સબધમા તો કહેવુ જ શુ?'

૧૫—આઠ પ્રભાવકો

સમ્યકત્વનો પ્રભાવ વિસ્તારવામા કે સમ્યકત્વનો પ્રકાશ કરવામા હેતુભૂત હોય એવા મહાપુરુષને પ્રભાવક કહેવામા આવે છે તે અગે શાસ્ત્રોમા કહ્યુ છે કે—

पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य।
विज्जा-सिद्धो अ कवी, अट्ठेव पभावगा भणिया ॥

'પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન્, સિદ્ધ અને કવિ એ આઠ પ્રભાવકો કહેલા છે'

પ્રાવચનિક—જે મહાત્મા વિદ્યમાન જિનાગમના પારગામી બની શાસનની પ્રભાવના કરે તે પ્રાવચનિક પ્રભાવક ગણાય જેમક **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ**

ધર્મકથી—જે મહાત્મા ધર્મકથા કરવાની વિશિષ્ટ શક્તિ વડે હૃદયના ગૂઢ સશયો પણ છેદી શકે તથા ભવ્ય જીવોના ચિત્તને આનદમય બનાવી શકે તે ધર્મકથી નામના બીજા પ્રભાવક ગણાય જેમકે **શ્રી નદિષેણ મહર્ષિ**

આ મહાત્મા શ્રેણિક રાજાના પુત્ર હતા અને પ્રભુ મહાવીરની દેશનાથી પ્રતિબોધ પામ્યા હતા તેમણે ભોગેચ્છાઓને દબાવવા ઉગ્ર તપશ્ચર્યા કરી હતી અને એમ કરતા વિશિષ્ટ લબ્ધિ પ્રાપ્ત થઈ હતી

એક વખત તેઓ ગોચરી-અર્થે નીકળ્યા અને એક ઊચુ ધવલગૃહ જોઈ તેમા પેસા ત્યા તેમણે 'ધર્મલાભ' આપ્યો એ વખતે ઘરની માલિકણ વેશ્યાએ કહ્યુ કે 'અહી ધર્મલાભ નહિ, પણ અર્થલાભ ખપે' આ શબ્દો

સાભળતા જ તેમને ચાનક લાગી અને તરણ ખેચના પુષ્કળ નોનામહોરાની વૃષ્ટિ થઈ

આ જોઈ વેશ્યા બોલી કે હે ' પ્રભો ! માલ લીધા વિના મૂલ્ય આપીને એમને એમ જવાય નહિ આપ મારા પર દયા કરો જો આપ ચાલ્યા જશો તો સ્ત્રીહત્યાનુ પાપ લાગશે ' આ વચનો સાભળતા જ દબાયેલી ભોગેચ્છા જાગૃત થઈ અને તેઓ વેશ્યાને ત્યા રહી ગયા, પણ એ વખતે એવો નિયમ કર્યો કે રોજ ઉપદેશ આપી, દશ પુરુષોને ધર્મ પમાડયા પછીજ ભોજન કરવુ અને તેઓ રોજ એ પ્રમાણે દશ પુરુષોને ધર્મ પમાડવા લાગ્યા પોતે વેશ્યાને ત્યા રહ્યા છે, ત્યા આવનારા દુરાચારી હોય છે, છતા ધર્મનુ નિરૂપણ એવી શૈલીએ કરે છે કે સાભળનારના રોમરોમમા ધર્મ-વ્યાપી જાય છે

આ રીતે બાર વર્ષો વીત્યા, પણ એક દિવસ એવો આવ્યો કે દસમો પુરુષ ધર્મ ન પામ્યો તેને ધર્મ પમાડવા માટે આ મહાત્માએ મહેનત કરવા માડી, પણ એમ કરતા ભોજનનો સમય વીતી જવા લાગ્યો આ વખતે વેશ્યાએ કહ્યુ ' હે સ્વામી ! હવે ભોજન માટે ઉઠો આજે દશમો કોઈ પ્રતિબોધ પામે તેમ જણાતું નથી ' નદિષેણે કહ્યુ ' દશમાને પ્રતિબોધ પમાડવો જ રહ્યો એ સિવાય ભોજન થઈ શકે નહિ ' આ શબ્દો સાભળી વેશ્યાએ હસતા હસતા કહ્યુ ' તો દશમા તમે ' એ જ વખતે આ મહાત્માની મોહનિદ્રા તૂટી ગઈ અને તેમણે બાજુ પર મૂકેલા સાધુના કપડા તથા ઉપકરણો મ ભાળી લીધા પછી તેઓ પ્રભુ મહા-વીર પાસે ગયા અને યોગ્ય પ્રાયશ્ચિતપૂર્વક ફરી

સાધના કરવા લાગ્યા તેમણે પોતાની ધર્મકથનની વિશિષ્ટ શક્તિથી હજારો મનુષ્યોને ધર્મનો બોધ પમાડચો અનતર કાળધર્મ પાળતા દેવલોકમા ઉત્પન્ન થયા

વાદી—જે મહાત્મા પ્રમાણો, યુક્તિઓ અને સિદ્ધાંતોના બલથી પરવાદીઓ સાથે વાદ કરીને તેમના એકાન્તમતનો ઉચ્છેદ કરી શકે, તે વાદી નામના ત્રીજા પ્રભાવક ગણાય જેમ કે **આચાર્ય મલ્લવાદી**

વાદિચૂડામણિ અને તાર્કિક શિરોમણીની ખ્યાતિ પામેલા આ મહાપુરુષ વિક્રમની ચોથી સદીમા સૌરાષ્ટ્રના વલ્લભીપુર નગરમા જન્મ્યા હતા તેમની માતાનુ નામ દુર્લભદેવી હતુ અને તેમનુ નામ મલ્લ હતુ તેમના મામાએ સસારથી વિરકત થઈને જૈન શ્રમણની દીક્ષા લીધી હતી અને અનુક્રમે આચાર્યપદે પહોચ્યા હતા તેમનુ નામ જિનાનદસૂરિજી હતુ ભરૂચમા બૌદ્ધાચાર્ય સાથે વાદ કરતા તેમને હાર ખાવી પડી હતી

આ મહાપુરુષના સમાગમમા આવતા મલ્લએ નાની ઉમરમા જ દીક્ષા લીધી હતી તેમની બુદ્ધિ અને સ્મરણ-શક્તિ ઘણી તીવ્ર હતી, તેથી થોડા વખતમા જૈન શાસ્ત્રો શીખી ગયા હતા અને તે વખતના પ્રચલિત તમામ દર્શ-નોનો અભ્યાસ કરી લીધો હતો, તેમજ વાદવિવાદની કળામા ઘણી પ્રવીણતા મેળવી હતી પછી તેમણે ભરૂચમા બૌદ્ધાચાર્ય સાથે વાદ કરી તેને હરાવ્યો હતો

આ મહાત્માએ દ્વાદશારનયચક્ર નામનો નયશાસ્ત્રનો એક અજોડ ગ્રથ બનાવ્યો હતો, તેમજ દાર્શનિક વિષયની

એ વખતે શ્રી વિષ્ણુકુમાર મુનિએ વૈક્રિય લબ્ધિથી પોતાનુ શરીર વધારી એક લાખ યોજનપ્રમાણ કર્યું અને એક પગલુ લવણસમુદ્રના પૂર્વકિનારે તથા બીજુ પગલુ પશ્ચિમ કિનારે મૂકીને ઊભા પછી ત્રીજુ ડગલુ ક્યા મૂકુ ? એમ કહી નમુચિને પગ લગાડતા એ સિહાસન પરથી ઉથલી પડયો અને લોહી વમવા લાગ્યો

આખરે દેવદેવીઓની પ્રાર્થનાથી શ્રી વિષ્ણુકુમાર મુનિએ પોતાનુ શરીર સહર્યું અને તેઓ મળરૂપમા આવી ગયા આ રીતે શાસનની મહાન પ્રભાવના કરી ચારિત્રધર્મની આરાધના કરતા મોક્ષે ગયા

વિદ્યાવાન જે મહાત્મા મત્રતત્ર આદિ વિદ્યાનો ઉપયોગ શાસનની ઉન્નતિ માટે કરે, પણ અગતસ્વાર્થ માટે ન કરે તે વિદ્યાવાન નામના છઠ્ઠા પ્રભાવક ગણાય જેમકે **શ્રી આર્યખપુટાચાર્ય**

આ મહાત્મા વિક્રમની ચોથી સદીમા થઈ ગયા તેઓ મોટે ભાગે ભરૂચ અને તેની આસપાસના પ્રદેશમા વિચરતા હતા અને મત્રતથા તત્રવિદ્યામા પારગત હતા બ્રાહ્મણો તથા બૌદ્ધો તરફથી થયેલી સતામણી પ્રસગે તેમણે વિદ્યાનુ ભારે પરિબળ બતાવ્યુ હતુ અને જૈનધર્મની પ્રભાવના કરી હતી

સિદ્ધ જે મહાત્મા અજન, ચૂર્ણ અને લેપ આદિ સિદ્ધ કરેલા યોગો (નુસખાઓ) વડે જિનશાસનનુ ગૌરવ વધારે તે સિદ્ધ નામના સાતમા પ્રભાવક ગણાય જેમકે **શ્રી પાદલિપ્તસૂરિ.**

શિક્ષાવલીની પ્રથમ શ્રેણીના ચોથા પુસ્તક ' સદ્‌ગુરુ-

સેવા'મા સિદ્ધ નાગાર્જુનનો પ્રબંધ અપાયો છે, તેમા આ મહાત્મા સબંધી આ વિષયની હકીકત જણાવેલી છે

કવિ જે મહાત્મા અદ્ભુત કાવ્યશક્તિ વડે સહુના હૃદયનુ હરણ કરી શકે, તે કવિરાજ નામના આઠમા પ્રભાવક ગણાય જેમકે **શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી બપ્પ ભટ્ટિસૂરિ, શ્રી હેમચદ્રાચાર્ય** વગેરે

અહી શ્રીમદ્ યશોવિજયજી મહારાજે એટલી સ્પષ્ટતા કરી છે કે આવા મહાન પ્રભાવકો ન હોય તો પણ નિર્મળ સંયમસાધના કરનારા, વિધિપૂર્વક તીર્થયાત્રા કરનારા તથા આડબરથી પૂજાદિમહોત્સવો કરનારા વગેરેને પણ પ્રભાવક ગણવા, કારણ કે તેમના વડે જૈનધર્મનો અને સમ્યક્ત્વનો પ્રભાવ વિસ્તરે છે

૧૯—પાચ ભૂષણો

શરીરની શોભા માટે જેમ ઘરેણા—અલકારો—ભૂષણો હોય છે, તેમ સમ્યક્ત્વની શોભા માટે પણ ભૂષણો હોય છે અલબત્ત, આ ભૂષણો સોનાના, મોતીના કે હીરા—મણિના હોતા નથી, પણ ગુણના બનેલા હોય છે અને તેથી તેનુ મૂલ્ય કોઈ પાર્થિવ પદાર્થથી આકી શકાતુ નથી

જૈન મહર્ષિઓએ આ ભૂષણો પાચ પ્રકારના જણાવ્યા છે (૧) સ્થૈર્ય, (૨) પ્રભાવના, (૩) ભક્તિ, (૪) ક્રિયા-કુશલતા અને (૫) તીર્થયાત્રા

સ્થૈર્ય એટલે ધર્મપાલનમા સ્થિરતા, દૃઢતા કોઈ ગમે તેવા પ્રલોભન આપે, પણ મન પોતાના ધર્મમાથી ચલે નહિ ત્યારે સ્થૈર્યગુણ આવ્યો કહેવાય,

प्रभावना એટલે ઘણા માણસો જૈન ધર્મની અનુમોદના કરે તેવા કાર્યો કરવા આ કાર્યો દેશ અને કાલ પરત્વે જૂદા જૂદા પ્રકારના સંભવે છે તેમ છતા તેમા ઉત્સવ-મહોત્સવ અને રથયાત્રાદિની મુખ્યતા હોય છે

ભક્તિ એટલે દેવ અને ગુરુની અતરગ ભક્તિ દેવની ભક્તિ પાચ પ્રકારે, આઠ પ્રકારે, યાવત્ એકસો આઠ પ્રકારે થાય છે અને ગુરુની ભક્તિ તેમને અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ એ ચાર પ્રકારનો નિર્દોષ આહાર વહોરાવવાથી, ઔષધ, ઉપધિ, પુસ્તક તથા વસતિ વગેરે આપવાથી, તેમને વિધિપૂર્વક વદન કરવાથી, તેમ જ વિવિધ પ્રકારની સેવા કરવાથી થાય છે

ક્રિયાકુશલતા એટલે જિનાગમમોમા આત્મશુદ્ધિ અર્થે સામાયિક, ચૈત્યવદન, ગુરુવદન આદિ જે જે અનુષ્ઠાનો બતાવવામા આવ્યા છે, તે યોગ્ય વિધિથી દોષરહિતપણે કરવા

તીર્થયાત્રા એટલે સ્થાવર અને જગમ બને તીર્થની યાત્રા શ્રી ગિરનાર વગેરે સ્થાવર તીર્થો છે, અને પચમહાવ્રતધારી ત્યાગી નિસ્પૃહી મુનિમહારાજો એ જગમ તીર્થો છે સ્થાવર તીર્થોની યાત્રા કેવી રીતે કરવી ? એનો વિસ્તાર શિક્ષાવલીની બીજી શ્રેણીના અગિયારમા નિબધ **તીર્થયાત્રા**મા સારી રીતે દર્શાવેલો છે, એટલે અહી તેનો વિસ્તાર કરતા નથી જગમતીર્થની યાત્રા કરવી, એટલે તેમના ભાવપૂર્વક દર્શન કરવા અને તેમને સુખશાતાની

પૃચ્છા કરી તેમની પાસેથી આધ્યાત્મિક જ્ઞાનનો પ્રસાદ મેળવવો

૧૭—પાચ લક્ષણો

જેના વડે વસ્તુને ઓળખી શકાય તે લક્ષણ કહેવાય, જેમકે ધુમાડા વડે અગ્નિને ઓળખી શકાય છે, તો ધુમાડો એ અગ્નિનુ લક્ષણ છે, કેશવાળી વડે સિંહને ઓળખી શકાય છે, તો કેશવાળી એ સિંહનુ લક્ષણ છે, દાઢીમૂછ વડે પુરુષને ઓળખી શકાય છે, તો દાઢીમૂછ એ પુરુષનુ લક્ષણ છે

જૈન મહર્ષિઓએ સમ્યક્ત્વને ઓળખાવનારા પાચ લક્ષણો કહ્યા છે (૧) શમ, (૨) સવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકપા અને (૫) આસ્તિક્ય આ ક્રમ પ્રાધાન્ય ગુણને અનુલક્ષીને દર્શાવવામા આવ્યો છે ઉત્પત્તિના ક્રમથી જોઈએ તો પ્રથમ આસ્તિક્ય, પછી અનુકપા, પછી નિર્વેદ, પછી સવેગ અને પછી શમ કે ઉપશમ હોય છે અહી ઉત્પત્તિ ક્રમથી જ તેનો વિચાર કરીશુ

આસ્તિક્ય એટલે જિનવચન પર અટલ વિશ્વાસ શ્રીહરિભદ્રસૂરિ મહારાજે 'तमेव सच्च निसङ्क ज जिणेहिं पवेइय' એ વચનથી, અને ઉ શ્રી યશોવિજયજી મહારાજે 'જિ જિન ભાખ્યુ તે નવિ અન્યથા, એવો જે દૃઢ રગ' એ દૃષ્ટિથી આસ્તિક્યનુ લક્ષણ વર્ણવ્યુ છે આ રીતે આસ્તિક્ય એટલે આસ્થા, શ્રદ્ધા, જિનેશ્વરદેવકથિત જીવાજીવાદિ નવતત્ત્વો પર પરમ વિશ્વાસ ઉત્પન્ન થતા જ અનુકપાનો ગુણ પ્રકટે છે, તેથી તે દુખી જીવોની દ્રવ્યદયા અને પાપી

જીવોની ભાવદયાવાળો બને છે કોઈ ને નિરર્થક કષ્ટ દેવાની ભાવના એ સેવતો નથી તથા કોઈનુ કોઈપણ પ્રકારે બૂરુ થાય, એમ અંતરથી ચાહતો નથી

આસ્તિક્ય અને અનુકંપાનુ પરિણામ નિર્વેદમા આવે છે કે જેના લીધે આત્માને સંસાર કારાગાર જેવો લાગે છે, ભવભ્રમણની ભીતિ ઉપજે છે અને જન્મ-મરણના ફેરામાથી ક્યારે મુક્ત થાઉ ? એવી ઉત્સુકતા પેદા કરે છે

આસ્તિક્ય, અનુકંપા અને નિર્વેદના લીધે આત્મા સવેગના રંગથી રંગાય છે સવેગ એટલે મોક્ષ અને મોક્ષના સાધનભૂત ધર્મની ઉત્કટ અભિલાષા તે જાગવાથી સુરનરસુખને પણ દુ ખરૂપ માને છે અને નર્વ વિષયભોગોને કિંપાકવૃક્ષના ફળતુલ્ય હાનિકારક સમજતો થાય છે તે સંસારમા રહેછે, પણ તેનુ દિલ સંસારમા આનદ માનતુ નથી તેવી જ કહેવાય છે કે—

સમકિતવતો જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,
અંતરથી ન્યારો રહે, જ્યુ ધાવ ખેલાવત બાળ

જ્યા આસ્તિક્ય આવ્યુ, અનુકંપા આવી, નિર્વેદ અને સવેગ આવ્યા ત્યા ક્રોધાદિ કષાયો શાંત પડી જાય એ સ્વાભાવિક છે, એટલે શમ કે ઉપશમની પ્રાપ્તિ થાય છે આ અવસ્થામા કોઈ પોતાનુ ગમે તેવું અહિત કરી જાય, તો પણ તેનુ બૂરુ ચિંતવવાની વૃત્તિ ચિત્તમા ઉદ્ભવતી નથી

જ્યા આવા ગુણો જોવામા આવે, ત્યા સમ્યક્ત્વ અવશ્ય વિદ્યમાન છે, એમ સમજવુ

૧૮--છ યતના

જ્યાં સંપૂર્ણ ત્યાગની શકયતા ન હોય ત્યાં બનતો પ્રયત્ન કરવો, તેનું નામ યતના સમ્યકત્વધારીએ છ પ્રકારની યતના કરવાની છે તે અંગે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે-

परतित्थीण तद्देवयाण, तग्गहिय चेइयाण च ।
जं छव्विहववहारं, न कुणइ सो छव्विहा जयणा ॥
वंदण नमंसणं वा, दाणाणुपयाणु तेसि वज्जेइ ।
आलावं सलावं, पुव्वमणालत्तगो न कुणइ ॥

પરતીર્થિકો, તેમના દેવો અને તેમણે સ્વાધીન કરેલા ચૈત્યો સાથે છ પ્રકારનો વ્યવહાર ન કરવો, તે છ જયણા-યતના કહેવાય છે પરતીર્થિક એટલે બીજા ધર્મવાળા સાધુઓ આ છ પ્રકારનો વ્યવહાર નીચે પ્રમાણે સમજવો -

(૧) પરતીર્થિક, તેમના દેવ અને તેમણે સ્વાધીન કરેલ ચૈત્યને વંદન કરવું નહિ

(૨) પરતીર્થિક, તેમના દેવ અને તેમણે સ્વાધીન કરેલ ચૈત્યની પૂજા કરવી નહિ

(૩) પરતીર્થિકને, તેમના દેવોને તથા તેમણે ગ્રહણ કરેલા ચૈત્યોને સુપાત્રબુદ્ધિથી દાન દેવું નહિ તથા અનુપ્રદાન કરવું નહિ, એટલે કે ભેટો વગેરે ચડાવવી નહિ, તેમજ વારંવાર દાન આપવું નહિ

(૫-૬) પરતીર્થિકે બોલાવ્યા વિના પ્રથમ જ તેમની સાથે બોલવું નહિ, તેમજ લાંબો વાર્તાલાપ કરવો નહિ અણબોલાવ્યે બોલવું, તેનું નામ આલાપ અને વારંવાર આલાપ કરવો, તેનું નામ સંલાપ

૧૯— છ આગાર કે અપવાદ

જ્યા ઉત્સર્ગમાર્ગ હોય ત્યા અપવાદમાર્ગ પણ હોય, કારણ કે તે સિવાય શાસન ચાલે નહિ વર્તમાન કાયદાઓની કોઈ પણ કલમ જોશો તો તેમા પ્રથમ સામાન્ય વિધાન હશે અને પછી તરત જ અપવાદો બતાવેલા હશે, એટલે ધર્મશાસ્ત્રોમા-ધર્મપાલનમા જ અપવાદો છે, એવુ નથી

જે દૃઢ સમકિતધારી હોય, તે પ્રાણાન્તે પણ પોતાના નિયમથી ચલિત થવા ઇચ્છતા નથી, પરંતુ દરેક મનુષ્યનું સામર્થ્ય તે પ્રકારનુ હોતુ નથી, તેથી છ પ્રકારના આગારો કે અપવાદો રાખવામા આવે છે તે માટે આ છ આગારો નીચે પ્રમાણે લેવાય છે।[1] रायाभिओगेण, [2] गणाभिओगेण, [3] बलाभिओगेण, [4] देवाभिओगेण, [5] महत्तर-गुरुनिग्गहेण, [6] वित्तिकंतारेण

૧ रायाभिओगेण એટલે રાજાના અભિયોગથી, રાજાના હુકમથી સમકિતધારી જે કામ કરવા ન ઇચ્છે પણ રાજાની આજ્ઞાથી કરવુ પડે તો તેથી સમ્યક્ત્વનો ભગ થાય નહિ. દાખલા તરીકે સમકિતધારી પરતીર્થિક એવા તાપસ કે સન્યાસીને જમાડવાની ભાવના ધરાવતો ન હોય, છતા રાજાનો કડક હુકમ થાય તો તેને જમાડવો પડે, પરતુ તેણે રાજાભિયોગનો આગાર રાખેલો હોવાથી તેનુ સમ્યક્ત્વ ભાગ્યુ ન ગણાય

૨ गणाभिओगेण એટલે ગણના અભિયોગથી, સમુદાયની બળજબરીથી સમ્યક્ત્વધારીને એક કામ કરવાની ઈચ્છા ન હોય પણ ઘણા માણસો ભેગા થઈ જાય અને

'આ કામ તમારે અવશ્ય કરવુ જ પડશે' એવી બળજબરી વાપરતા તેને કરવુ પડે તો આ આગારને લીધે તેના સમ્યક્ત્વનો ભગ થયો ન ગણાય

૩ बलाभिओगेण એટલે બળના અભિયોગથી, બળવાનના દબાણથી ન કરવા ઈચ્છેલુ કામ સામે બળવાન વ્યક્તિ આવી જતા અને તેનુ દબાણ થતા કરવુ પડે તો આ આગારથી તેના સમ્યક્ત્વનો ભગ થાય નહિ

૪ देवाभिओगेण એટલે દેવના અભિયોગથી, દેવના કહેવાથી જે કામ ક્ષેત્રપાલ, ગોગો, આસપાલ, વિનાયક, ગ્રહદેવતા વગેરેના હુકમથી કરવુ પડે, તેમા આ આગારના કારણે સમ્યક્ત્વનો ભગ થાય નહિ

૫ महत्तरगुरुनिग्गहेण એટલે માનનીય પુરુષો અને ગુરુજનોના કોઈ વિશિષ્ટ આગ્રહથી કોઈ પણ કાર્ય માનનીય પુરુષો કે ગુરુજન એટલે માતા, પિતા, વડીલો વગેરેના અતિ આગ્રહથી કરવુ પડે કે તેમનો પરાભવ થયે તેમને છોડાવવા વગેરે માટે કરવુ પડે તો આ આગારને કારણે તેના સમ્યક્ત્વનો ભગ થાય નહિ

૬ वित्तिकंतारेण એટલે ભયકર વનને વિષે જઈ પડવાનો વખત આવે કે મરકી વગેરે રોગચાળો થવાથી, તેમજ દુષ્કાળ વગેરે પડવાથી આજીવિકા દુર્લભ બની જાય અને તે વખતે સમ્યક્ત્વના આચારથી વિરુદ્ધ કોઈ કામ કરવુ પડે તો આ આગારને લીધે સમ્યક્ત્વનો ભગ થાય નહિ

૨૦—છ ભાવના

સમ્યક્ત્વને તાજુ રાખવા માટે તેના પર ભાવનારૂપી

જળનુ સિચન કરવાની જરૂર છે, તેથી જૈન મહર્ષિઓએ સમ્યક્ત્વની ષડ્વિધ ભાવના વર્ણવી છે તે અહી શ્રીમદ્ યશોવિજયજી મહારાજના શબ્દોમા જ જોઈશુ

હરિગીત છદ

અનુકૂલ મૂલ રસાલ સમકિત, તેહ વિણુ મતિઅધ એ,
જે કરે કિરિયા ગર્વભરિયા, તેહ જૂઠો ધધ એ,
એ પ્રથમ ભાવન ગુણે રૂડી, સુણો બીજી ભાવના,
બારણુ સમકિત ધર્મપુરનુ, એહવી તે પાવના

સમ્યક્ત્વ એ ધર્મનુ—ચારિત્ર ધર્મનુ અનુકૂલ અને રસાલ મૂલ છે અનુકૂલ એટલે જોઈએ તેવુ પુષ્ટ અને રસાલ એટલે રસમય જે વૃક્ષનુ મૂળ જોઈએ તેવુ પુષ્ટ અને રસમય હોય તેજ વૃક્ષ લીલુછમ રહે છે, તેના પર પત્ર–પુષ્પ આવે છે અને ફળ પાકે છે તેજ રીતે સમકિતરૂપી મૂળ પુષ્ટ અને તાજુ હોય તો જ ચારિત્રરૂપી વૃક્ષ ફાલેફૂલે છે અને તેને મોક્ષરૂપી ફળ આવે છે જેઓ આ વસ્તુ સમજતા નથી અને તેથી સમ્યક્ત્વની દરકાર કરતા નથી, તે મતિઅધ એટલે મૂર્ખ છે તેઓ ગર્વથી, ઉન્મત્ત થઈને વિવિધ પ્રકારની ક્રિયાઓ ભલે કરે, પણ તેમનો ઉદ્યમ સફળ થવાનો નથી, એટલે તેનો ધધો—પ્રયાસ જૂઠ એટલે નિરર્થક છે આ રીતે સમ્યક્ત્વને ચારિત્રરૂપી ધર્મના મૂળ તરીકે ભાવવુ, એ પહેલી સુદર સમકિતમૂલ ભાવના છે

નગર સુદર હોય પણ તેમા દાખલ થવાનો દરવાજો ન હોય તો તેની અદર જઈ શકાય નહિ તથા તેમાં

રહેલી વસ્તુઓનો ઉપભોગ થઈ શકે નહિ એટલે દરવાજો એ નગર માટે અતિ અગત્યની વસ્તુ છે જો ધર્મને એક નગર માનીએ તો સમ્યકત્વ એ તેમા પ્રવેશ કરવાનો દરવાજો છે, એ દરવાજાવડે ધર્મનગરમા દાખલ થઈએ તો જ તેમા રહેલ સત્ય પામી શકાય છે આ રીતે સમ્યકત્વને ધર્મનગરમા દાખલ થવાના દરવાજા તરીકે વિચારવો, એ બીજી પવિત્ર સમકિતદ્વાર ભાવના છે

ઢાલ

ત્રીજી ભાવનારે સમકિત પીઠ જો દઢ ગ્રહી,
તો મોટોરે ધર્મપ્રસાદ ડગે નહિ,
પાયે ખોટેરે મોટે મડાણ ન શોભીએ,
તેહ કારણ રે સમકિતશુ ચિત્ત થોભીએ

સમ્યકત્વ એ ધર્મરૂપી મહેલની પીઠ અર્થાત્ પાયો છે જો આ પાયો દઢ હોય તો ધર્મરૂપી મોટો મહેલ ડગે નહિ જો પાયો ખોટો–નિર્બળ હોય અને તેના પર મોટુ મડાણ–બાધકામ કરવામા આવે તો એ શોભતો નથી, તે માટે સમકિતમા ચિત્તને થોભાવવુ–નિશ્ચલ રાખવુ આ રીતે સમ્યકત્વને ધર્મરૂપી મહેલના પાયા તરીકે ચિંતવવો, એ ત્રીજી સમકિતપીઠ ભાવના છે

હરિગીત છંદ

થોભીએ ચિત્ત નિત એ પ્રભાવ, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનુ, એહવુ મન લાવીએ,
તે વિના છૂટા રત્નસરિખા, મૂલ ઉત્તર ગુણ સચવે,
કિમ રહે તાકે જેહ હરવા, ચોર ભેટ ભવે ભવે

આવી રીતે ત્રીજી ભાવના ભાવી ચિત્તને સ્થિર રાખી ચોથી સમકિતનિધાન ભાવના ભાવવી તે આ રીતે કે 'સમ્યક્ત્વ એ સમસ્ત ગુણોનો એટલે સર્વ મૂલ અને ઉત્તર ગુણોનો નિધિ એટલે ભડાર છે એ સમ્યક્ત્વરૂપ ભડાર ન હોય તો મૂલ અને ઉત્તરગુણરૂપી રત્નો છૂટા શી રીતે રહી શકે? જો રત્ન છૂટા પડયા હોય તો તેને ઉપાડી લેવા માટે ચોર-બદમાશ લોકો તૈયાર જ બેઠા હોય છે, તેમ આ મૂળ અને ઉત્તરગુણરૂપી રત્નો છૂટા પડયા હોય તો તેને ઉપાડી લેવા રાગ અને દ્વેષ રૂપી બે બળવાન ચોરો ભવોભવથી તાકી રહેલા છે

ઢાલ

ભાવો પચમીરે ભાવના શમદમ સાર રે,
પૃથ્વી પરે રે સમકિત તસ આધાર રે
છઠ્ઠી ભાવનારે સમકિતભાજન જો મલે,
શ્રુત શીલનો રે તો રસ તેમાથી નવિ ઢલે

હવે પાચમી સમકિત આધાર ભાવના ભાવો તે આ રીતે કે જેમ પૃથ્વી-ભૂમિ સર્વ વસ્તુનો આધાર-આશ્રય-સ્થાન છે, તેમ સમ્યક્ત્વ એ શમદમરૂપી ઉત્તમ ગુણોનો આધાર છે તાત્પર્ય કે જ્યા સુધી સમ્યક્ત્વ હોય ત્યા સુધી શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ આદિ ગુણો ટકે છે અને સમ્યક્ત્વ ન હોય તો એ ગુણો ટકી શકતા નથી

છઠ્ઠી સમકિતભાજન ભાવના આ પ્રમાણે ભાવવી કે જો સમ્યક્ત્વરૂપી પાત્ર મળી જાય તો તેમાથી શ્રુત અને

શીલનો રસ ઢળે નહિ તાત્પર્ય કે શ્રુત અને શીલ બંને અદ્ભુત વસ્તુ છે પણ તે સમ્યક્ત્વ હોય તો જ ટકી શકે છે, અન્યથા ટકી શકતી નથી અહી શ્રુતથી શાસ્ત્રજ્ઞાન અને શીલથી ચારિત્ર સમજવાનુ છે

આ રીતે સમ્યક્ત્વની મહત્તા જૂદી જૂદી રીતે વિચારવાથી સમ્યક્ત્વ તરફનો આદર વધે છે અને સમ્યક્ત્વ દૃઢ થાય છે

૨૧—છ સ્થાન

સમ્યક્ત્વને રહેવાનુ ઠેકાણુ તે સ્થાન કહેવાય તેના છ પ્રકારો જૈન મહર્ષિઓએ આ પ્રમાણે જણાવેલા છે

अत्थि जिओ सो निच्चो कत्ता भोत्ता य पुन्नपावाण ।
अत्थि धुव निव्वाण, तदुवाओ अत्थि छट्ठाणे ॥

'જીવ છે, તે નિત્ય છે, પુણ્ય અને પાપનો કર્તા છે, પુણ્ય અને પાપના ફળનો ભોક્તા છે, મોક્ષ અવશ્ય છે અને તેનો ઉપાય પણ છે આ રીતે સમ્યક્ત્વના છ સ્થાનો જાણવા

સમ્યક્ત્વને ધારણ કરનારની દાર્શનિક માન્યતા કેવી હોય તે આમા બરાબર દર્શાવેલુ છે સહુથી પ્રથમ તો તે 'જીવ છે' એમ માનનારો હોય આનો અર્થ એમ સમજવાનો કે જેને જીવના—આત્માના અસ્તિત્વમા શ્રદ્ધા નથી, તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલી નથી પ્રદેશી રાજા એમ માનતો હતો કે આ જગતમા જીવ આત્મા જેવી કોઈ સ્વતત્ર વસ્તુ જ નથી, એ તો પચભૂતના સમુદાયથી ઉત્

થતી એક પ્રકારની શક્તિ છે તેથી એ નાસ્તિકતાને વર્યો હતો અને તેનુ વર્તન અતિ ક્રૂર તથા મતમાધુને પીડા ઉપજાવે તેવુ હતુ પણ ચિત્રમારથિ દ્વારા શ્રી કેશિગણધરનો યોગ થતા એ નાસ્તિકતા ટળી અને તે આત્માના અસ્તિત્વમા માનતો થયો એ ક્ષણથી તેનામા સમ્યકત્વ આવ્યુ અને તેણે શ્રાવકના વ્રત ઉચ્ચર્યા તેથી જ ‘ જીવ છે ’ એ માન્યતાને સમ્યકત્વનુ પ્રથમ સ્થાન માનવામા આવ્યુ છે

‘જીવ છે’ એમ માનવામા આવે પણ તેનો ક્ષણિક તરીકે સ્વીકાર કરવામા આવે તો પાપ-પુણ્યના ફળ કોણ ભોગવે ? વગેરે અનેક વિચારો આવે અને તેનુ અતિમ પરિણામ સમ્યકત્વથી ભ્રષ્ટ થવામા જ આવે, એટલે સમ્યકત્વધારી ‘ જીવ નિત્ય છે ’ એમ જ માને

કેટલાક જીવને કર્મનો કર્તા કે ભોક્તા માનતા નથી,’ એમ માનતા કર્મનુ કર્તૃત્વ ઉડી જાય છે અને તેથી ફળ ભોગવવાનો પ્રશ્ન ઊભો રહેતો નથી, તેથી સમ્યકત્વધારી આત્માને પુણ્યપાપરૂપ શુભ અને અશુભ કર્મનો કર્તા માને તથા એ શુભાશુભ કર્મનો ફળ ભોગવનાર પણ માને એમ ન માનવામા આવે તો કેવુ પરિણામ આવે ? એ અમે પ્રથમ શ્રણીના બીજા નિબધ **પરમપદના સાધનોમા** વિસ્તારથી દર્શાવ્યુ છે, એટલે મુમુક્ષુએ ત્યાથી જોઈ લેવુ

આત્માને માને, તેને નિત્ય માને, અને શુભાશુભ કર્મનો કર્તા ભોક્તા-માને, પણ મોક્ષ જેવી કોઈ સ્થિતિનો સ્વીકાર ન કરે તો પણ પરિણામ તો ઉપર જણાવ્યુ તેમ

ર્મભ્રષ્ટતામા-સમ્યકત્વભ્રષ્ટતામા જ આવે, કારણ કે મોક્ષ
વી કોઈ સ્થિતિ સભવતી ન હોય તો ધર્માચરણ કરવુ
યર્થ ઠરે અને સમ્યકત્વ ધારણ કરી રાખવાનુ પણ કોઈ
યોજન ન રહે

મોક્ષ માનીને તેનો ઉપાય ન માનવો, એ પણ એટલુ
 વિઘાતક છે જો મોક્ષનો ઉપાય વિદ્યમાન ન હોય તો
તનિયમ, સયમતપ, ધર્મ વગેરેનુ આચરણ શા માટે
રવુ ?

આ છ સિદ્ધાતો મનમા બરાબર ઠસે તો સમ્યકત્વથી
લિત થવાય નહિ

૨૨—ઉપસહાર

સમ્યકત્વના ૬૭ બોલનો વિચાર અહી પૂરો થાય
છે તે આપણને સમ્યકત્વની મહત્તા સમજાવી જાય છે,
અને તેની શુદ્ધિ માટે શુ શુ કરવુ જોઈએ તથા તેને
દૂષિત થતુ અટકાવવા માટે કેવા પગલા ભરવા જોઈએ ?
તેનો પણ સ્પષ્ટ નિર્દેશ કરી જાય છે વળી સમ્યકત્વ
સાચી દાર્શનિક માન્યતાને આધારે જ ટકે છે, એ પણ
આપણે આ બોલો પરથી જાણી શકીએ છીએ, તેથી દરેક
આત્માએ સદ્ગુરુની સેવા કરી તેમની પાસેથી સાચો
તત્ત્વબોધ મેળવી લેવો અને તેમા શ્રદ્ધાન્વિત થવુ લૌકિક
એષણાઓથી તણાઈ જવુ એ અધપતનનો માર્ગ છે,
એમ વિચારી સત્યને જ પૂરા આગ્રહથી વળગી રહેવુ-

જે સત્યને બરાબર વળગ્યા, તેમને સત્યે છોડયા નથી, પણ વિશ્વના સર્વોચ્ચ સ્થાને પહોચાડયા છે સત્ય સદા વિજયવત છે, એમ કેહેવાનો પરમાર્થ જ એ છે કે સત્યને પકડનાર કદી પણ હારતો નથી કે તેને શોક સતાપ કરવાનો વખત આવતો નથી

સમ્યક્ત્વરૂપી સુધાનુ પાન કરીને સર્વ જીવો અજરામર સ્થાનને પામો, એ જ અભ્યર્થના

॥ इति शम् ॥